અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ ડિસેમ્બર ૨૦૨૩, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ ચૌદસ | અંક : ૧૪૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




## આજે ઈસુ જન્મને વધાવવા નાતાલ પર્વની ઉજવણી કરાશે



। નડિયાદ, તા.૨૪ ।

નાતાલ પર્વની ઉજવણી કરવા ખ્રિસ્તી સમુદાયમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. પ્રભુ ઈસુએ આ દિવસે મનુષ્ય અવતાર ધારણ કરી જન્મ લીધો હતો અને ત્યારથી જ આ દિવસે નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. નડિયાદ સહિત સમગ્ર જિલ્લામાં વસતા ખ્રિસ્તી સમુદાયના લોકોમાં આ પર્વને લઈને અનોખો ઉમળકો, ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નડિયાદમાં મિશન રોડ પર નાતાલ થી નવા વર્ષના સપ્તાહ દરમ્યાન લોકમેળા જેવો માહોલમાં સર્જાશે, દિવસ દરમિયાન અંદાજે ૫ હજારથી વધુ ખ્રિસ્તી સમુદાયના લોકો હાજર રહી પ્રાર્થના સાથે ઉપદેશનો સંદેશો સાંભળી ધન્યતા મેળવશે.

### બ્રિજભુષણ સિંહના નિકટના ગણાતા સંજય સિંહે અધ્યક્ષપદ ગુમાવ્યું

# કેન્દ્ર સરકારે કુશ્તી સંઘના નવા માળખાને જ સસ્પેન્ડ કરી નાખ્યું

## ભારતીય કુશ્તી સંઘની તાજેતરની ચૂંટણી પછી પહેલવાનોમાં ભારે ગુસ્સો ફાટી નીકળ્યો છે અને તેઓ પોતાના જીતેલા મેડલ પરત કરી રહ્યા હતા

। નવી દિલ્હી, તા.૨૪ ।

મહિલા કુશ્તીબાજો સાથે દુર્વ્યવહાર કરવાના કેસમાં ભારતીય રેસલિંગ ફેડરેશનને મોટો ફટકો પડ્યો છે. રેસલિંગ ફેડરેશનના નવા અધ્યક્ષ તરીકે સંજય સિંહની ચૂંટણી થઈ ત્યારથી કેટલાક પહેલવાનોમાં ભારે નારાજગી હતી. તેઓ પોતાના મેડલ પણ પરત આપી રહ્યા હતા. તેના કારણે ભારે દબાણમાં આવી ગયેલી સરકારે WFI એટલે કે કુશ્તી સંઘના નવા માળખાને જ સસ્પેન્ડ કરી નાખ્યું છે. પરિણામે બ્રિજભુષણ સિંહના નિકટના ગણાતા સંજય સિંહે અધ્યક્ષપદ ગુમાવ્યું છે. બ્રિજભુષણ સામે કેટલીક મહિલા પહેલવાનોએ જાતીય સતામણીના આરોપો મૂક્યા હતા અને આ મુદ્દે સરકાર માટે ઘણી મુશ્કેલી પેદા થઈ છે. જોકે, કારણ એવું આપ વામાં આવ્યું છે કે નવા સંગઠને નિયમોનું પાલન કર્યું ન હોવાથી તેમને સસ્પેન્ડ કરાયા છે. બ્રિજભુષણ સામે ગંભીર આરોપો હોવા છતાં કોઈ સખત કાર્યવાહી થઈ ન હતી. આ દરમિયાન રેસલિંગ ફેડરેશનની નવેસરથી ચૂંટણી થઈ હતી જેમાં બ્રિજભુષણના જ વિશ્વાસુ ગણાતા સંજય સિંહનો વિજય થયો હતો. એટલે કે એક રીતે બ્રિજભુષણ સિંહના હાથમાં જ વહીવટ રહ્યો હતો. આ ચૂંટણી પછી મહિલા પહેલવાન સાક્ષી મલિકે કુશ્તીમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. ઓલિમ્પિક



પુરસ્કાર વિજેતા બજરંગ પુનિયાએ પણ પદ્મ એવોર્ડ પરત કરવાનું એલાન કર્યું હતું જેના કારણે સ્પોર્ટ્સ મંત્રાલય પર ભારે પ્રેશર આવી ગયું હતું. આવી સ્થિતિમાં સરકારે આખા રેસલિંગ ફેડરેશનની નવી ચૂંટાયેલી બોડીને સસ્પેન્ડ કરી દીધી છે. WFIના ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજભુષણ સિંહ સામે ઘણા સમયથી વિરોધ પ્રદર્શનો ચાલતા હતા. ત્યાર બાદ ૨૧ ડિસેમ્બરે ચૂંટણીમાં પણ તેમના જ વિશ્વાસુઓ જીત્યા છે. સંજય સિંહને ચૂંટણીમાં ૪૦ વોટ મળ્યા હતા જ્યારે તેમની સામે મેદાનમાં ઉતરેલી અનિતા શેરોનનો માત્ર સાત મત મળ્યા હતા. સંજય સિંહે પોતાના વિજય બાદ જણાવ્યું હતું કે છેલ્લા ૭-૮ મહિનામાં દેશના હજારો પહેલવાનોને જે મુશ્કેલી પડી હતી તેમનો આજે વિજય થયો છે. તેમણે કહ્યું હતું કે અમે પોલિટિક્સનો જવાબ પોલિટિક્સથી આપીશું.

### સાક્ષીએ સંન્યાસ લીધો, મેં પણ સંન્યાસ લઈ લીધો, વાત ખતમ

બીજેપી સાંસદ અને પૂર્વ કુસ્તી સંઘના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહે રવિવારે પ્રેસ કોન્ફરન્સ કરી તમામ સવાલોના જવાબ આપ્યા. ગોંડામાં કુસ્તી ચેમ્પિયનશિપ યોજવાના પ્રશ્નના જવાબમાં તેણે કહ્યું, 'દરેક ફેડરેશનના લોકોએ હાથ ઊંચા કર્યા છે કે અમે તેને ચલાવી શકીએ નહીં. ૧૫-૨૦ વર્ષના બાળકોનું ભવિષ્ય બગડે નહીં તે માટે નંદની નગરમાં આ ટુર્નામેન્ટ યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટ ચાર દિવસમાં યોજાવાની હતી. દેશના ૨૫માંથી ૨૫ ફેડરેશનોએ હાથ ઉંચા કર્યા અને આ ટુર્નામેન્ટ ૩૧મી ડિસેમ્બર સુધીમાં યોજાવાની હતી. તેમણે કહ્યું, 'અમારી પાસે નંદિનીનગરમાં તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. તમામ ફેડરેશને આ અંગે સંમતિ આપી હતી. તેમ છતાં હું સરકારને વિનંતી કરું છું કે આ ટુર્નામેન્ટને તેની દેખરેખ હેઠળ લેવામાં આવે. છેલ્લા ૧૨ વર્ષમાં મેં કરેલા કામના આધારે મારું મૂલ્યાંકન કરવામાં આવશે. મેં કુસ્તીમાંથી નિવૃત્તિ લીધી છે. હવે આ ચૂંટાયેલા લોકો પોતાનો નિર્ણય લેશે. મારી લોકસભાની ચૂંટણી આવી રહી છે, મારે તેની તૈયારી કરવી પડશે. હવે જે નવું ફેડરેશન આવી રહ્યું છે તે નક્કી કરશે કે તેણે કોર્ટમાં જવું છે કે સરકાર સાથે વાત કરવી છે.

#### સસ્પેન્શન બાદ બજરંગે કહ્યું કે તે સન્માન પાછું લઈ લેશે

## રેસલર બજરંગ પુનિયાએ રમત મંત્રાલયના નિર્ણયનું સ્વાગત કર્યું



। નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતીય કુસ્તી સંઘને રમત મંત્રાલયે સસ્પેન્ડ કરી દીધું હતું. સરકારે રેસલિંગ એસોસિએશનની ચૂંટણી બાદ ચૂંટાયેલી નવી કારોબારી સામે રવિવારે કડક નિર્ણય લીધો હતો. રેસલર બજરંગ પુનિયાએ રમત મંત્રાલયના નિર્ણયનું સ્વાગત કર્યું છે. ચૂંટણી પછી પ્રમુખ બનેલા સંજય સિંહ સામે તેમણે મોટો નિર્ણય લીધો હતો અને તેમનો પદ્મશ્રી એવોર્ડ પરત કર્યો હતો. રેસલિંગ એસોસિએશનના સસ્પેન્શન બાદ બજરંગે કહ્યું કે તે સન્માન પાછું લઈ લેશે. બજરંગે કહ્યું, "આ યોગ્ય નિર્ણય છે." અમારી બહેનો અને દીકરીઓ પર જે અત્યાચાર થઈ રહ્યા છે તેનાથી સંબંધિત લોકોને સંપૂર્ણપણે દૂર કરવા જોઈએ. અમારા પર અનેક આક્ષેપો કરવામાં આવ્યા હતા. રાજનીતિ કરવામાં આવી હતી. જ્યારે અમે મેડલ જીતીએ છીએ ત્યારે અમે દેશના છીએ. અમે ખેલાડીઓ ક્યારેય જાતિવાદ જોતા નથી. અમે એક જ થાળીમાં સાથે ખાઈએ છીએ.'' બજરંગે કહ્યું, "જે એસોસિએશન રચાયું છે તે ખેલાડીઓને મદદ કરવા માટે છે, તેમને હેરાન કરવા માટે નહીં. અમે નિષ્પક્ષ ચૂંટણી ઈચ્છીએ છીએ. બ્રિજભૂષણ શરણ સિંહે દરેક રાજ્યમાં પોતાના લોકોને સ્થાન આપ્યું છે. અમારું સત્ય બતાવવામાં આવ્યું નથી. "અમે તેની સાથે જોડાયેલા ન હતા. કોઈપણ રીતે રાજકારણ કરો. વિપક્ષે અમને ટેકો આપ્યો. અમે સરકારી લોકોને પણ અમને સમર્થન આપવા કહ્યું હતું. ત્યારે કોઈએ અમને સમર્થન આપ્યું ન હતું. અમે મહિલા સાંસદોને પત્રો પણ લખ્યા હતા.

નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..

MERRYLAND

Women' s Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર

રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ




સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ તા. ૩૧-૧૨-૨૦૨૩ સુધી સમય સવારે ૧૧ થી સાંજે ૬ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીંચુ AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્કવેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com

રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66

### સૂર્ય મંદિર કરતા પણ પ્રાચીન છે આ મંદિર

# સુણોક ગામના મહાદેવના મંદિરની કાયાપલટ થશે

। ઊંઝા, તા.૨૪ ।

કેન્દ્ર સરકારની પ્રસાદ યોજના હેઠળ ઊંઝાના સુણોક ગામના મહાદેવના મંદિરની પસંદગી કરવામા આવી છે. ત્યારે હવે દ્વારકા, સોમનાથ, અંબાજી બાદ હવે આ મંદિરની કાયાપલટ કરવામાં આવી છે. સુણોકનું નીલકંઠ મંદિર સૂર્યમંદિરથી પણ પ્રાચીન છે. આ મંદિર હવે નવી ઓળખ મેળવશે. ઊંઝાનાના સુણોક ગામે આવેલું આ મંદિર સોલંકી યુગનું પૌરાણિક નીલકંઠ મહાદેવ મંદિર છે, જેનું નિર્માણ પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા પ્રસાદ યોજનામાં નવા મંદિરોના વિકાસની જહારોત કરી છે. નવી ઓળખ કરાયેલાં સ્થાનોમાં તમિલનાડુનાં ૮, મહારાષ્ટ્ર અને બિહારનાં ૩-૩નો સમાવેશ રકાયો છે. કેન્દ્રીય પર્યટન મંત્રાલય દ્વારા દેશભરમાં ૧૭ રાજ્યોની કુલ ૨૯ નવી સાઈટ્સની ઓળખ કરાઈ છે. જે અંતર્ગત સુણોક ગામે આવેલા નીલકંઠ મહાદેવ મંદિરની પ્રસાદ યોજના હેઠળ કાયાપલટ કરાશે. આ યોજનામાં ગુજરાતમાંથી એકમાત્ર સુણોક મંદિરનો સમાવેશ કરાયો છે. આ મહાદેવ મંદિરનું સ્થાપત્ય ૧૦મી સદીનું અથવા તો મોઢેરા સૂર્યમંદિરથી લગભગ ૧૦૦ વર્ષ પ્રાચીન છે. ઊંઝા તાલુકાના સુણોક ગામે ગામના પાદરે શિલ્પસ્થાપત્ય અને વિવિધ આકર્ષક પૌરાણીક કૃતિઓથી સજ્જ નીલકંઠ મહાદેવનું સોલંકીયુગનું પ્રાચીન મંદિર આવેલ છે. જે પાટણના સિધ્ધરાજ જયસિંહ સોલંકીએ નિર્માણ કરાવ્યું હતું. મોઢેરા સુર્યમંદિર પાટણના પૌરાણીક શિવાલયોની સાથે સોલંકીયુગમાં આ મંદિર નિર્માણ પામ્યું હતું. શ્રાવણમાસ દરમિયાન સવા લાખ બીલી શિવજીને ચડાવવામાં આવે છે. તેમજ બપોરે મધ્ય આરતી અને સાંજે સંધ્યા આરતી યોજાય છે. આ આરતીમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાય છે. શિવરાત્રી એ ચાર પ્રહર પુજા સાથે શિવની નગરયાત્રા નીકળે છે. તેમજ શ્રાવણ માસ દરમિયાન ૬૦ કાવડિયા જળભરી લાવે છે. ઈ.સ. ૧૮૮૦માં બ્રિટીસ નાગરિક હેનરી આ મંદિરની મુલાકાત લઈ ફોટોગ્રાફ લીધા હતા. જે ફોટોગ્રાફ આજે પણ બ્રિટીસની લાયબ્રેરીમાં જોવા મળે છે. મંદિરની શિલ્પ સ્થાપત્ય નકશીકામ આકર્ષક છે.



પાલડી ફ્લાવર પાર્કમાં ફ્લાવર શો માટે તૈયારીઓ ચાલી રહેલ છે.

### 'ઝડપની મજા'ના ઘરે આવશે ઈ-ચલણ

# મહેસાણા-આબુ રોડ પર સંભાળીને વાહન હંકારજો

### નિર્ધારીત ગતિ કરતા વધારે ઝડપથી વાહન હંકારવા બદલ ઈ-ચલણ ઈન્ટરસેપ્ટર કાર દ્વારા ઘરે પહોંચાડવામાં આવશે

। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદ થી માઉન્ટ આબુ જતા વાહન ચાલકો જરા સાવધાન. આબુની મજા માણવા વધારે ઉતાવળા થતા નહીં કાર જરા ધીમે જ હંકારજો. નહીંતર ઘરે આવતા જ તમારી મજાનું બીલ એટલે કે ઈ-ચલણ ઘરે આવશે. મહેસાણા આરટીઓ દ્વારા મહેસાણા ઊંઝા હાઈવે પર ઈન્ટરસેપ્ટર કાર દ્વારા આ અંગેની નજર રાખવામાં આવી રહી છે. આ કાર બેફામ ગતિ વાહન હંકારનારાઓને દંડ ફટકારવામાં આવી રહ્યો છે. કારમાં રહેલ અદ્યતન ટેકનોલોજી સજ્જ વ્યવસ્થા કારની ઝડપને સ્પીડ ગન દ્વારા માપવામાં આવે છે.

સ્પીડ ગનમાં ઓવર સ્પીડ નોંધાનાર વાહન ચાલકને તેનો મેમો ફટકારવામાં આવે છે. પ્રત્યેક ઓવર સ્પિડ પર ૨૦૦૦ રુપિયાનો દંડનું ઈ-ચલણ ઘરે મોકલવામાં આવે છે. આવી રીતે અત્યાર સુધીમાં ૪૫૦૦ વાહનોને દંડ ફટકારવામાં આવ્યો છે. બેફામ ગતિ દોડતા વાહનોને લઈ સર્જાતા અકસ્માતોને ઘટાડવા માટે આરટીઓ દ્વારા આ પ્રયાસ કરવામાં આવ્યો છે.

### હવેથી કોઈનો જીવ નહિ જાય : મેયર

# લોકોને મોતને ઘાટ ઉતારનારને છોડવામાં નહીં આવે : સુરત મનપા

### તંત્ર દ્વારા સિસ્ટમની ખામીને પણ દૂર કરવામાં આવશે

। સુરત, તા.૨૪ ।

કતારગામ અકસ્માત મામલે સુરત મહાનગરપાલિકા નિંદ્રામાંથી જાગી છે. અકસ્માત બાદ મેયરનું અને સ્ટેડિંગ ચેરમેનનું નિવેદન સામે આવ્યું છે. હવેથી કોઈનો જીવ નહિ જાય તેવી કાર્યવાહી કરવામાં મનપા કરશે.લોકોને મોતને ઘાટ ઉતારવામાં આવનારને હવે છોડવામાં આવશે નહિ. સિસ્ટમની ખામીને પણ દૂર કરવામાં આવશે.

સુરત શહેરના કતારગામ જૂની જીઆઈડીસી ખાતે ગતરો સાંજના સમયે BRTS બસને અન્ય BRTS બસે પાછળથી અડફેટે બસની વચ્ચે રહેલા વાહન ચાલકોનો ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં ૯ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. એકનું મોત નીપજ્યું હતું. BRTS બસમાં મુસાફરી કરી રહેલા લોકો ભયભીત થઈ ગયા હતા અને પોતાનો જીવ બચાવી બહાર નીકળી આવ્યા હતા. ઘટનાને લઈને લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. BRTS બસમાં તોડફોડ કરી હતી. પોલીસને જાણ થતા સ્થળે દોડી આવી હતી અને મામલો શાંત પાડ્યો હતો. પોલીસને જાણ થતા સ્થળે દોડી આવી હતી મામલો શાંત પાડ્યો હતો. મહત્વની એ છે કે થોડા દિવસ પહેલા જ સુરત મહાનગરપાલિકા દ્વારા CT, BRTS બસના ચાલકો સાથે સંકલન કરી એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાલકોને પોતાની રફતાર પર કાબુ મેળવવા સૂચના અપાય હતી. તેમ છતાં ગતરોજ કતારગામમાં મ્ઈ્જીની બસની રફતારની અડફેટે ૯ લોકોને અકસ્માત સર્જાયા હતો. તેમાંથી એક વ્યક્તિનું મોત નીપજ્યું છે, જ્યારે સુરત મહાનગર પાલિકા હવે કાર્યવાહીના દાવા કરી રહી છે. મેયરનું અને સ્ટેડિંગ ચેરમેનનું નિવેદન સામે આવ્યું છે. હવે થી કોઈનો જીવ નહિ જાય તેવી કાર્યવાહી કરવામાં મનપા કરશે. લોકોને મોત ને ઘાટ ઉતારવામાં આવનારને હવે છોડવામાં આવશે નહિ.

વધુમાં મેયરએ જણાવ્યું હતું કે સિસ્ટમ ની ખામી ને પણ દૂર કરવામાં આવશે. તમામ બસ ડ્રાઈવરના લાઈસન્સ ફરીથી ચેક કરવામાં આવશે. ડ્રાઈવરઓનું કાઉન્સિલિંગ કરવામાં આવનાર છે.

### દ્વારકામાં આહીર સમાજ દ્વારા મહારાસનું આયોજન

# ૩૭,૦૦૦ આહિરાણીઓ મહારાસમાં રમઝટ બોલાવી

### આહિરાણીઓ પારંપારિક પોષાકમાં મહારાસ રમી હતી





। દ્વારકા, તા.૨૪ ।

દ્વારકામાં આહીર સમાજ દ્વારા મહારાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આહિરાણીઓએ ભગવાન દ્વારકાધીશને ૫૨ ગજની ધ્વજા ચડાવી હતી. શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકા એક મહાન અને મહત્વનો ઈતિહાસ રચાયો છે. અત્રે જણાવી દઈએ કે, ૫૦૦ એકર જગ્યામાં મહારાસનું આયોજન કરાયું હતું. જ્યા ૩૭ હજાર આહિરાણીઓ પારંપારિક પોષાકમાં મહારાસની રમઝટ બાલોલાવી છે. જ્યારે એક અદ્ભૂત નજારો જોવા મળ્યો હતો. જૂદા-જૂદા કાર્યક્રમોની સમગ્ર તૈયારીઓ કરવામાં આવી હતી. મુખ્ય દ્વાર સહિતના સ્થળો ઉપર ખૂબ જ સુંદર શણગાર કરવામાં આવ્યો હતો. તેમજ જગત મંદિર પણ રોશનીથી ઝગમગી ઉઠ્યું છે. આહિર સમાજના તમામ આગેવાનો અને યુવા નેતાઓ સહિતની મોટી સંખ્યમાં ઉપસ્થિતિ રહ્યાં હતી.

બ્રહ્મમુહૂર્તમાં નંદગામ પરિસર ACC ગ્રાઉન્ડમાં ૩૭,૦૦૦ આહિરાણીઓ ગ્રાઉન્ડમાં પહોંચી હતી. ત્યાર બાદ બ્રહ્માકુમારી દીદી દ્વારા વ્યાખ્યાન સાંભળવામાં આવ્યું ત્યારબાદ પારંપરિક પહેરવેશ અને આભૂષણો દ્વારા પહેરી ૩૭ હજારથી વધુ આહીરાણીઓ મહારાસમાં રમઝટ બોલવી હતી. માયાભાઈ આહીર, અનિરુદ્ધ આહિર, સભીબેન આહીર, મેક્સ આહીર, ભાવેશ આહીર સહિતના કલાકારોના રાસના સંગતથી આહિરાણીઓ મહારસમાં રમઝટ બોલાવી હતી. ગ્રાઉન્ડની વચ્ચે ધર્મ ધજા અને તિરંગો પણ લહેરાવવામાં આવ્યો હતો. જ્યાં ૨ લાખથી વધુ લોકો આ અલૌકિક નજારો જોવા ઉમટ્યાં હતા. આ ૩૭૦૦૦ આહિરાણીઓનો મહારાસનું ખાસ આયોજન સમસ્ત અખિલ ભારતીય આહીરાણી મહારાસ સંગઠન દ્વારા કરવામાં આવ્યું હતું. ACC ગ્રાઉન્ડમાં આહીરાણીઓ દ્વારા ભવ્ય રાસની રમઝટ બોલાવી હતી. જે એક મહત્વનો રેકોર્ડ પણ સર્જાયો છે, સાથો સાથ ઈતિહાસ પણ રચાયો છે. ભવ્ય લોક ડાયરા સહિતના કાર્યક્રમ વચ્ચે મહારાસની શરૂઆત થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિગતો મુજબ તા.૨૩-૨૪મી ડીસેમ્બરે રાજાધિરાજ ભગવાન દ્વારકાધીશજીના અધ્યક્ષસ્થાને આ મહારાસનું આયોજન કરાયું હતું. જેમાં હાલાર ઉપરાંત પ્રદેશના એટલે કે, રાજયના જુદા જુદા ૨૪ જિલ્લા સહિત વિવિધ પ્રાંતના ૩૭ હજાર આહિરાણીઓ પરંપરાગત પોશાકમાં સજજ બની આ કાર્યક્રમમાં સહભાગી થઈ છે. આ ઉપરાંત અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા દુબઈ સહિત વિશ્વભરમાંથી આહીરાણીઓ દિવ્યરાસ રમવા આવી પહોંચી હતી.

### રાજ્ય સરકાર તરફથી સત્તાવાર જાહેરાત બાકી

# વિશ્વની લોકપ્રિય ટેસ્લા કારનો પ્લાન્ટ ગુજરાતમાં સ્થાપવા માટેની તૈયારી

। ગાંધીનગર, તા.૨૪ ।

વિશ્વની સૌથી લોકપ્રિય ઓટોમેટિક કાર ગુજરાતમાં બની શકે છે. ગુજરાતમાં ટેસ્લાનો પ્લાન્ટ લાવવાનો તખ્તો રચાઈ રહ્યો છે. આ માટે વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં મોટી જાહેરાત થઈ શકે છે. ટેસ્લાના એલન મસ્ક વાઈબ્રન્ટ ગુજરાતમાં આવે તેવી શક્યતા છે. એલન મસ્ક મોંઘેરા મહેમાન તરીકે વાઈબ્રન્ટ સમિટમાં આવી શકે છે. ટેસ્લા કંપની પોતાની કારનો પ્લાન્ટ ગુજરાતમાં બનાવવાની દરખાસ્ત કરી શકે છે. લાંબા સમયથી ટેસ્લા કંપનીને ભારત તરફ આકર્ષવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. જેમાં ગુજરાતને મોટો ફાયદો મળી શકે છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ પહેલા રાજ્ય સરકાર ઈલેક્ટ્રિક કાર દિગ્ગજ ટેસ્લાને ગુજરાતમાં લાવવા માટે એડીચોડીનું જોર લગાવી રહી છે. જોકે, આ મામલે રાજ્ય સરકાર તરફથી સત્તાવાર સમર્થન બાકી છે. આ માટે એલન મસ્ક આવતા મહિને ગુજરાત આવી શકે છે. વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ અહીં આવી શકે છે. એવી પણ ચર્ચા છે કે, ટેસ્ટ ભારતીય ઓટો બ્રાન્ડ્સ સાથે હાથ મિલાવી શકે છે. ટેસ્ટા ઈક્નના પ્રમુખ એલન મસ્કે જુન મહિનામાં ન્યૂયોર્કમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાતના સૌથી વધુ ઔદ્યોગિકીકરણ ધરાવતા રાજ્યો અને ઓટોમોબાઈલ હબ છે. અમે વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ દરમિયાન ટેસ્લા પ્રોજેક્ટને ગુજરાતમાં લાવવા માટે કેન્દ્ર સરકારની મદદ લઈ રહ્યાં છે. સરકારી સૂત્રોનું કહેવું છે કે, ટેસ્લાની સાથે વાતચીત ચાલી રહી છે. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટને અમે ગુજરાત સુધી લાવવાના પ્રયાસો કરી રહ્યાં છે. ગુજરાતનું લક્ષ્ય ભારતના ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના સપનાને સાકાર કરવામાં યોગદાન આપ વાનું છે. ટેસ્લા જેવા પ્રોજેક્ટ તેમાં મહત્વની ભૂમિકાઓ ભજવશે. ગુજરાત ટેસ્લાને સાણંદ કે ધોલેરામાં જમીન આપી શકે છે. જ્યાં ટાટા મોટર્સ અને સુઝુકીના ઓટો પ્લાન્ટ આવેલા છે. આ વિસ્તારોનું ગુજરાતના બંદરો સાથે સારી રીતે કનેક્શન છે. જ્યાંથી ઈમ્પોર્ટ અને એક્સપોર્ટની સુવિધા મળી રહે છે. ધોલેરામાં પણ ટેસ્લા પ્લાન્ટ લગાવી શકે છે. જો બધુ યોગ્ય રહ્યુ તો ગુજરાતમાં ટેસ્લાન પ્લાન્ટ આવી શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. તમારા કામના સ્થળે આજે ઢગલાબંધ પ્રેમ પ્રવર્તતો જોઈ શકશો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? તમારા નિર્ણયો બાળકો પર થોપવાથી તેઓ નારાજ થશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમારૂં જીવન એક સુંદર વળાંક લેશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જો તમે ઘરથી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તાણની અવગણના કરતા નહીં. તે ઝડપ થી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રેશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારા જુસ્સાને અંકુશમાં રાખો તેને કારણે તમારા પ્રેમ પ્રકરણમાં તકલીફ સર્જાઈ શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે-પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો.



નવી દિલ્હી (૭ લોક કલ્યાણ માર્ગ) ખાતે જમ્મુ કાશ્મીરના વિદ્યાર્થીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી.

હિન્દી પટ્ટી રાજ્યોમાં મોદી રાહુલ ગાંધી કરતા આગળ

# હજુ પણ નરેન્દ્ર મોદી પીએમ પદની પ્રથમ પસંદ છે : સર્વે

। નવી દિલ્હી, તા.૨૪ ।

દેશમાં લોકસભા ચૂંટણી નજીક છે, બધી પાર્ટીઓએ જમીન પર તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. આ સમયે એક તરફ સત્તા વાપસી માટે ભાજપ મહેનત કરી રહી છે તો ઈન્ડિયા ગઠબંધન તેને ટક્કર આપવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ વચ્ચે મનમાં એક સવાલ- આ વખતે પ્રધાનમંત્રી કોને જોવા ઈચ્છો છો- નરેન્દ્ર મોદી કે રાહુલ ગાંધી? હાલમાં એક મોટો સર્વે કરવામાં આવ્યો છે, જેમાં લોકોનો મત સામે આવ્યો છે. સી વોટરે હાલમાં દેશભરમાં એક સર્વે કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું કે હજુ પણ નરેન્દ્ર મોદી પીએમ પદની પ્રથમ પસંદ છે. હિન્દી પટ્ટી રાજ્યોમાં તો પીએમ મોદી રાહુલ ગાંધી કરતા ખુબ આગળ છે. સર્વેના આંકડા જણાવે છે કે ૫૯ ટકા લોકો હજુ પ્રધાનમંત્રી તરીકે નરેન્દ્ર મોદીને ચૂંટવા ઈચ્છે છે તો માત્ર ૩૨ ટકા લોકો રાહુલ ગાંધીને આ પદ પર જોવા ઈચ્છે છે. તાજેતરમાં છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં ભાજપે પોતાની સરકાર બનાવી છે. તેવામાં આ ત્રણ હિન્દી પટ્ટી રાજ્યોમાં પણ માહોલ પીએમ મોદીના પક્ષમાં જોવા મળી રહ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પ્રથમ મુકાબલો ૨૬મીએ રમાશે

। સેન્ચુરિયન, તા.૨૪ ।

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૨૬ ડિસેમ્બરથી બે મેચની ટેસ્ટ સિરીઝ રમાશે. રોહિત શર્માની આગેવાનીમાં ટીમ ઈન્ડિયા ઈતિહાસ રચવા ઉતરશે. હકીકતમાં ભારતે અત્યાર સુધી દક્ષિણ આફ્રિકામાં ટેસ્ટ સિરીઝ જીતી નથી. તેવામાં રોહિત શર્મા ઈતિહાસ રચી શકે છે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ ૨૬થી ૩૦ ડિસેમ્બર વચ્ચે સેન્ચુરિયનના સુપરસ્પોર્ટ પાર્કમાં રમાશે. ટેસ્ટ સિરીઝમાં રોહિત શર્માની સાથે-સાથે વિરાટ કોહલી, આર અશ્વિન, રવીન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહ જેવા સ્ટાર ખેલાડીઓ એક્શનમાં જોવા મળશે. જાણો આ ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવન કેવી હોઈ શકે છે. દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ પ્રથમ ટેસ્ટમાં ઓપનિંગ કોણ કરશે. આ સૌથી મોટો સવાલ છે. હકીકતમાં ટીમમાં કેપ્ટન રોહિત શર્માની સાથે શુભમન ગિલ, યશસ્વી જાયસવાલ અને અભિમન્યુ ઈશ્વરન છે. આ સિવાય વિકેટકીપર તરીકે ટીમમાં કેએસ ભરત અને કેએલ રાહુલ છે. આ બંનેમાંથી કોઈ એકને તક મળશે.

### હોસ્પિટલમાં ઘણી મહિલાઓ સાથે અનૈતિક કૃત્ય સામે આવતાં હડકંપ

। નવી દિલ્હી, તા.૨૪ ।

પહેલેથી વિવાદમાં ફસાયેલી કેજરીવાલ સરકારની ફરી મુશ્કેલી વધી છે. દિલ્હીની એક મોટી હોસ્પિટલમાં મહિલા કર્મચારીઓના યૌન શૌષણની ઘટના સામે આવી છે. દિલ્હીની બુરારી હોસ્પિટલમાં આઉટસોર્સ મહિલા કર્મચારીઓની જાતીય સતામણીની ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. હવે આ મામલે દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારે તપાસ સમિતિની રચના કરી છે. આ અંગે માહિતી આપતા દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે સ્વાસ્થ્ય સચિવની અધ્યક્ષતામાં એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ બુરારી હોસ્પિટલમાં આઉટસોર્સ મહિલા કર્મચારીઓના જાતીય શોષણના કેસની તપાસ કરશે. હોસ્પિટલમાં કામ કરતી ઘણી મહિલાનો આરોપ છે કે સુપરવાઈઝર અને મેનેજરોએ બોલાવીને તેમનું યૌન શૌષણ કર્યુ હતું ફરિયાદ કરી હોવા છતાં પણ પોલીસે કોઈ કાર્યવાહી કરી નહોતી. ભારદ્વાજે આરોગ્ય સચિવને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના સોશિયલ મીડિયા દ્વારા મારા ધ્યાનમાં આવી છે.

### રાજ્યપાલના કાર્યક્રમમાં મૃત કર્મચારીને ફરજ પર મૂકાયો

। લખનૌ, તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ થોડા સમય પહેલા બલિયા ગયા હતા. સીએમઓ કચેરીએ લાંબા સમય પહેલાં મૃત્યુ પામેલા કર્મચારીને ફરજ સોંપી હતી. આ વાત બહાર આવતાં હોબાળો મચી ગયો હતો. ત્યારે આ મામલે આરોગ્ય વિભાગે તપાસ શરૂ કરી હતી. હવે રાજ્યપાલના કાર્યક્રમમાં મૃત કર્મચારીને ફરજ પર મૂકવા બદલ ચીફ મેડિકલ ઓફિસર (CMO) ઓફિસના એક ક્લાર્કને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગના એક અધિકારીએ રવિવારે આ માહિતી આપી હતી. મુખ્ય ચિકિત્સા અધિકારી ડૉ. વિજયપતિ દ્વિવેદીએ જણાવ્યું હતું કે, CMO ઑફિસના આશુ ક્લાર્ક બ્રિજેશ કુમારને શનિવારે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને અધિક નિયામકની ઑફિસ, આઝમગઢથી આદેશ આપવામાં આવ્યો છે. સીએમઓએ જણાવ્યું કે, આશુ ક્લાર્ક બ્રિજેશ કુમારે તાજેતરમાં રાજ્યપાલ આનંદીબેન પટેલના કાર્યક્રમમાં ગંભીર ભૂલ કરી હતી. કુમારે કથિત રીતે રાજ્યપાલ પટેલના કાર્યક્રમમાં મૃત કર્મચારીની ફરજ સોંપી હતી. આ ઉપરાંત ખાદ્યપદાર્થોની ચકાસણી કરવા માટે કોઈ કર્મચારીને ફરજ પર મૂકવામાં આવ્યો ન હતો. દ્વિવેદીએ કહ્યું કે, બ્રિજેશ કુમાર સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

જયપુરમાં ૯મા ધોરણમાં ભણતા વિદ્યાર્થીનું મોત

# ૯મા ધોરણમાં ભણતા છોકરાનું ક્લાસમાં જ હાર્ટએટેકથી મોત

। જયપુર, તા.૨૪ ।

રાજસ્થાનની રાજધાની જયપુરથી રુવાંડા ઊભા કરી મૂકે તેવા સમાચાર આવ્યાં છે. નવમાં ધોરણના વિદ્યાર્થીને સ્કૂલમાં હાર્ટ એટેક આવ્યો હતો. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પરંતુ ત્યાં સુધીમાં તેનું મોત થઈ ચૂક્યું હતું. છોકરાના પિતા બીએસએફમાં નોકરી કરે છે. માતા અને પિતા બંને ગામ ગયા હતા. પુત્ર ઘરેથી જાતે જ શાળાએ જતો રહ્યો. પરિવારજનોએ જણાવ્યું કે, તેમનો પુત્ર જરા પણ બીમાર નહોતો ત્યાં સુધી કે તેને નખમાં પણ રોગ નહોતો એટલો તે તંદુરસ્તો હતો. જયપુરના કર્ધનીમાં રહેતા યોગેશ સિંહ નામનો છોકરો નજીકની સ્કૂલમાં નવમા ધોરણમાં ભણતો હતો. તે ૧૯ ડિસેમ્બરે શાળાએ ગયો હતો. તે શાળામાં કોઈ કામ માટે ક્લાસમાંથી બહાર આવ્યો અને જ્યારે તેણે ફરીથી ક્લાસમાં જવાનું શરૂ કર્યું, ત્યારે તે ક્લાસના ગેટ પર નીચે પડી ગયો. તેને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને હોસ્પિટલમાં મોત થયું હતું.

એસએમએસ હોસ્પિટલમાં થોડા કલાકો સુધી તેમની સારવાર કરવામાં આવી હતી, પરંતુ થોડા સમય બાદ તેમના શ્વાસ રૂંધાવા લાગ્યા હતા. બીજા દિવસે તેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું અને જ્યારે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો ત્યારે ડોક્ટરો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. એવું બહાર આવ્યું કે તેના સ્નાયુઓ ખૂબ જ ઝડપથી સંકોચાઈ ગયા હતા અને તેનું હૃદય બમણાથી પણ વધુ મોટું થઈ ગયું હતું. સામાન્ય રીતે આ વય જૂથમાં હૃદયનું વજન ૨૫૦થી ૩૦૦ ગ્રામ જેટલું હોય છે.

# છેલ્લા ૨૪ કલાકમા દેશમાં ૬૫૬ કેસ નોંધાયા, ૧નું મોત

। નવી દિલ્હી, તા.૨૪ ।

કોરોનાએ ફરી એકવાર ડરાવવાનું શરૂ કર્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૫૬ નવા કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં એક દર્દીનું મોત પણ થયું છે. જો આપણે કોરોનાના સક્રિય કેસની વાત કરીએ તો હવે દેશમાં આવા કુલ ૩૭૪૨ કેસ છે. શનિવારે કોરોનાના ૪૨૩ નવા કેસ નોંધાયા હતા. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર દેશમાં હાલમાં કોરોનાના ૩૪૨૦ સક્રિય કેસ છે. જ્યારે કોરોના વાયરસના કારણે ૪ દર્દીઓના મોત થયા છે. કોરોનાના કેસ વધ્યા બાદ કેન્દ્ર સરકારે પણ રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક કરી હતી. તેના નિવારણ માટે આ બેઠકમાં જરૂરી માર્ગદર્શિકા આપવામાં આવી છે. તમને જણાવી દઈએ કે હવે ડોક્ટરો પણ લોકોને કોરોના વિશે ચેતવણી આપી રહ્યા છે. આ જ કારણ છે કે લોકોના ચહેરા પર માસ્ક ફરી દેખાવા લાગ્યા છે. કારણ કોવિડનું નવું સબવેરિયન્ટ JN.1 છે જેના કેસ વધી રહ્યા છે. પરંતુ આનાથી નર્વસ કે ડરવાને બદલે લોકોએ સાવચેત અને સતર્ક રહેવાની જરૂર છે. આ સલાહ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)ના ડોક્ટરોએ આપી છે. ડૉક્ટર નીરજ નિશ્ચલે કહ્યું,દેશના ઘણા રાજ્યોમાં, લોકો COVID-JN.1 ના નવા સબ-વેરિઅન્ટથી સંક્રમિત થઈ રહ્યા છે. દર્દીઓમાં હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે, તેથી ગભરાવાની જગ્યાએ સાવચેત રહેવાની જરૂર છે.

AIIMS દિલ્હીના મેડિસિન વિભાગના એડિશનલ પ્રોફેસર ડૉ. નીરજે કહ્યું કે અમે કહેતા આવ્યા છીએ કે આવી લહેરો આવતી રહેશે. પહેલી અને બીજી લહેર દરમિયાન પણ, અમે આગાહી કરી હતી કે આ વાયરસ વધુ મ્યૂટેટ થશે અને એક તબક્કો આવશે જ્યાં તે વધુ ચેપી બનશે પરંતુ તે જ સમયે તેનો મૃત્યુદર પણ ઓછો હશે.

બે દિવસીય બેઠકમાં નેતાઓને નવો ટાર્ગેટ અપાયો

# ભાજપે મિશન લોકસભાને લઈને તૈયારીઓ શરૂ કરી

## ૨૦૧૯માં ભાજપને ૨૨.૯ કરોડ વોટ મળ્યા હતા જ્યારે ચૂંટણીમાં શાસક પક્ષને ૩૭ ટકાથી વધુ વોટ મળ્યા હતા

। નવી દિલ્હી, તા.૨૪ ।

ત્રણ રાજ્યોમાં મળેલી જીતથી ઉત્સાહિત ભાજપે મિશન લોકસભાને લઈ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભાજપ ૨૦૧૯ કરતા પણ મોટી જીત હાંસલ કરવાની રણનીતિ પર કામ કરી રહ્યું છે. ભાજપના રાષ્ટ્રીય અધિકારીઓની બે દિવસીય બેઠકમાં નેતાઓને નવો ટાર્ગેટ આપવામાં આવ્યો છે. લોકસભા ચૂંટણીમાં જંગી જીત હાંસલ કરવા માટે આ વખતે વોટ ટકાવારી ૧૦ ટકા વધારવાની દિશામાં કામ કરવાનું કહેવામાં આવ્યું છે. આ વખતે ભાજપ ૩૫ કરોડ વોટ મેળવવાની રણનીતિ પર કામ કરી રહ્યું છે. ૨૦૧૯માં તેમને ૨૨.૯ કરોડ વોટ મળ્યા હતા. ૨૦૧૯ની ચૂંટણીમાં શાસક પક્ષને ૩૭ ટકાથી વધુ વોટ મળ્યા હતા જ્યારે તેની આગેવાની હેઠળના દ્રહ્છ ગઠબંધનને લગભગ ૪૫ ટકા વોટ મળ્યા હતા. ૨૦૧૪માં કેન્દ્રમાં મોદી સરકાર સત્તામાં આવી ત્યારથી ભાજપે વિધાનસભા ચૂંટણીમાં પોતાની વોટ ટકાવારી ૫૦ ટકા સુધી વધારવા માટે સતત પ્રયાસો કર્યા છે અને કેટલીક ચૂંટણીઓમાં તેને સફળતા પણ મળી છે. ભાજપના રાષ્ટ્રીય પદાધિકારીઓ અને પ્રદેશ અધ્યક્ષોની બેઠક દરમિયાન પીએમ મોદીએ કાર્યકર્તાઓને મિશન મોડમાં લોકસભા ચૂંટણીની તૈયારી કરવા જણાવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે વડાપ્રધાને પાર્ટીને ૨૦૨૪ની ચૂંટણીમાં



૩૫ કરોડ મત મેળવવાનો લક્ષ્યાંક પણ આપ્યો હતો. જ્યારે ૨૦૧૯માં તેને ૨૨.૯ કરોડ મત મળ્યા હતા. છેલ્લી લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ભાજપને ૩૭ ટકાથી વધુ વોટ મળ્યા હતા. જેને પાર્ટી આ વખતે વધારીને ૫૦ ટકાની નજીક કરવા માંગે છે. ભાજપ ૨૦૧૯માં ૩૦૩ સીટો જીતવામાં સફળ રહી હતી, હવે પાર્ટીએ ૩૫૦ સીટોનો નવો ટાર્ગેટ રાખ્યો છે

બેઠકના પ્રથમ દિવસે વડા પ્રધાને મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને ગરીબો સુધી પહોંચવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ઘણી વખત ચાર સૌથી મોટી જાતિ તરીકે વર્ણવ્યા છે. તેમણે પાર્ટીના નેતાઓને આ લોકોને વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં વધુમાં વધુ સંખ્યામાં સામેલ કરવા કહ્યું હતું. જેનો ઉદ્દેશ્ય તેમની સરકારની મુખ્ય કલ્યાણ યોજનાઓને ૧૦૦ ટકા પૂર્ણ કરવાની ખાતરી કરવાવાનો છે.

શોર્ટ્સ, સ્કર્ટ, ટૂંકા ટી-શર્ટ પહેરનારને નો-એન્ટ્રી

# ગોવાના મંદિરોમાં શોભે તેવા વસ્ત્રો પહેરીને જ પ્રવેશી શકાશે

## ઘણા ભાવિકોની વસ્ત્રોથી મંદિરોની ગરિમા જળવાતી નથી ટૂંકા વસ્ત્રો પહેર્યા હશે તો લુંગી કે શાલ પહેરવા અપાશે

। પણજી, તા.૨૪ ।

મંદિરોમાં દર્શન માટે આવતી વખતે શ્રદ્ધાળુઓએ કેવા વસ્ત્રો પહેરવા તે અંગે આમ તો મંદિરો ઘણા ઉદાર છે. પરંતુ કેટલીક જગ્યાએ દર્શનાર્થીઓના મોડર્ન પહેરવેશના કારણે વિવાદ થાય છે. ગોવાના મંદિરોમાં ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી દર્શનાર્થીઓ માટે ચુસ્ત ડ્રેસ કોડ લાગુ થશે. મંદિરોના મેનેજમેન્ટનું કહેવું છે કે મંદિર એ તમારી ફેશન દેખાડવા માટેની જગ્યા નથી. અહીં ઘણા ભાવિકો મોડર્ન વસ્ત્રો પહેરીને આવે છે જેમાં ગરિમા જળવાતી નથી. તેથી આવા વસ્ત્રો સાથે કોઈને મંદિરમાં પ્રવેશ આપવામાં નહીં આવે. ગોવાના શ્રી રામનાથ દેવસ્થાન, પોંડાએ જણાવ્યું છે કે મંદિરની પવિત્રતા અને સન્માન જળવાય તે માટે ૧ જાન્યુઆરીથી તમામ વિઝિટર માટે ચુસ્ત ડ્રેસ કોડ લાગુ કરવામાં આવશે. તેથી શોર્ટ્સ, મિની સ્કર્ટ, મિડી, સ્લીવલેસ ટોપ્સ, લો-રાઈઝ જિન્સ અને ટૂંકા ટી-શર્ટ પહેરીને લોકોને મંદિરમાં પ્રવેશવા નહીં દેવાય. ગોવા એ દેશનું વિખ્યાત ટુરિસ્ટ સ્પોટ છે અને ઘણા પ્રવાસીઓ ટૂંકા કપડા



પહેરીને મંદિરોમાં દર્શન માટે આવતા હોય છે. ગોવાના જાણીતા શ્રી મંગેશ દેવસ્થાને પણ જાહેરાત કરી છે કે નવા વર્ષથી એકદમ ચુસ્ત ડ્રેસ કોડ લાગુ થશે. તેથી મંદિરોમાં છાજે તેવા વસ્ત્રો પહેરીને જ ભાવિકોએ દર્શન કરવા આવવું.

જે લોકો મંદિર માટે અયોગ્ય વસ્ત્રો પહેરીને આવ્યા હશે તેમને મંદિરની કમિટી દ્વારા લુંગી અથવા પહેરણ આપવામાં આવશે જેથી છાતી, પેટ અને પગ ઢંકાઈ શકે. તેથી જે શ્રદ્ધાળુઓ આટલે દૂર દર્શન માટે આવ્યા હશે તેમણે ધક્કો ખાવો નહીં પડે. શ્રી રામનાથ દેવસ્થાન, પોંડાના પ્રમુખે જણાવ્યું કે પહેલી જાન્યુઆરીથી અમે ડ્રેસ કોડ લાગુ કરવાના છીએ. અમે આ માટે એડવાઈઝરી બહાર પાડી દીધી છે અને મંદિરના પરિસરમાં તેનું બોર્ડ પણ લગાવી દીધું છે.

તેમણે કહ્યું કે મંદિરમાં ૧૦ વર્ષથી ઓછી વયના બાળકોને આ ડ્રેસકોડમાંથી મુક્તિ આપવામાં આવશે. પરંતુ ૧૦ વર્ષથી મોટી વયના બાળકો તથા પુખ્ત વયના લોકોએ ડ્રેસ કોડ પાળવો પડશે. તમે ટૂંકા વસ્ત્રો પહેરીને આવ્યા હશો તો પહેરણ અને લુંગી આપવામાં આવશે. તેને પહેરીને તમે મંદિરમાં દર્શન કરી શકશો. આ સૂચના અગાઉ પણ આપવામાં આવી હતી, પરંતુ તેનું ચુસ્ત રીતે પાલન થતું ન હતું. હવે અમે ડ્રેસ કોડને ચુસ્ત પાલન કરીશું.

શ્રી મંગેશ દેવસ્થાનના પ્રેસિડન્ટ અજિત કંટકે જણાવ્યું કે ઘણી મહિલાઓના વસ્ત્રો યોગ્ય ન હોવાના કારણે બીજા દર્શનાર્થીઓને વાંધો પડતો હતો. હવે અમે પર્યટકોને શાલ અથવા લુંગી આપીએ છીએ. મંદિર એ કોઈ ફેશન દેખાડવા માટેનું સ્થળ નથી. આ દર્શન કરવાની અને ધ્યાન કરવાની જગ્યા છે. તેથી ભારતીય પરંપરા મુજબના વસ્ત્રો પહેરીને જ પર્યટકોએ આવવું જોઈએ.

અમેરિકામાં ગુજરાતીઓને ગેરકાયદેસર ઘૂસણખોરી

# ફ્રાન્સમાં અચાનક લેન્ડ થયેલા વિમાનમાં ૯૩ ગુજરાતીઓ

## ફ્રાન્સના એરપોર્ટ પર ટેકનિકલ ખામીને કારણે અચાનક લેન્ડ કરાયેલા વિમાનમાં ગુજરાતીઓ પણ સામેલ છે

। વોશિંગ્ટન, તા.૨૪ ।

ગમે તે થાય પણ ગુજરાતીઓને અમેરિકા જવાનો મોહ છુટતો નથી. ગુજરાતીઓ ગમે તે ભોગે અમેરિકા જવા માંગે છે. આવામાં હાલ અમેરિકામાં ઘૂસણખોરી કરતા ગુજરાતીઓ મોટી સંખ્યામાં પકડાયા છે. ફ્રાન્સના રાજધાની પેરિસથી પૂર્વે આવેલા અને નાના એરપોર્ટ તરીકે કાર્ય કરતા વેત્રી ખાતે શુક્રવારે ૩૦૩ ભારતીય મુસાફરો સાથેના એક ચાર્ટર્ડ પ્લેનને રોકવામાં આવ્યુ હતું. જેમાં માનવ તસ્કરીનો મામલો સામે આવ્યો છે. હાલ ફ્રાન્સ સરકારે આ ફ્લાઈટ રોકી કારી છે. જેમાં કુલ ૩૦૩ પ્રવાસીઓમાંથી ૯૬ ગુજરાતીઓ છે.

લિજેન્ડ એરલાઈન્સે એક ચાર્ટર્ડ પ્લેને ગત ગુરુવારે નિકારાગુઆ માટે ઉડાન ભરી હતી. વિમાનમાં ટેકનિકલ ખામીને કારણે ફ્રાન્સના વેત્રી એરપોર્ટ પર ઉતારવામાં આવ્યુ હતું. આ એરપોર્ટ ફ્રાન્સની રાજધાની પેરિસથી અંદાજે ૧૫૦ કિલોમીટર દૂર છે. આ વચ્ચે ફ્રાન્સની પોલીસને સૂચના મળી હતી કે, વિમાન દ્વારા માનવ તસ્કરી કરવામાં આવી રહી છે. જેના બાદ પોલીસે વિમાનને એરપોર્ટ પર જ રોકી દીધું છે.

વિમાનમાં ૩૦૦ થી વધુ મુસાફરો સવારી કરી રહ્યા હતા. જેમાં મોટાભાગના ભારતીય મૂળના છે. લિજેન્ડ એરલાઈન્સના વકીલે પોતાના નિવેદનમાં જણાવ્યું કે, એરલાઈન્સે કંઈ પણ ખોટુ નથી કર્યું. જો ફ્રાન્સે આરોપ લગાવ્યો છે કે, અમે કાયદાકીય કાર્યવાહી કરીશું. ફ્રાન્સના કાયદા અનુસાર, ફ્રાન્સની બોર્ડર પોલીસ ચાર દિવસો સુધી વિદેશી નાગરિકોને ફ્રાન્સમા રોકી શકે છે. વિશેષ પરિસ્થિતિમાં આઠ દિવસો સુધી મુસાફરોને રોકવામાં આવી શકે છે. આ પ્લેનમાં ૨૧ માસથી લઈને ૧૭ વર્ષના સગીર સુધીના મુસાફરો પણ છે. તો કેટલાક બાળકો સાથે કોઈ વાલી પણ નથી. આ ફલાઈટના મુસાફરોમાં ૯૬ જેટલા મુસાફરો મૂળ ગુજરાતી છે. જેમણે દૂબઈથી મધ્ય અમેરિકન દેશ નિકારાગુઆની ફલીટ અન્ય મુસાફરો સાથે પકડી છે. સૂત્રોના અનુસાર, અમેરિકામાં ગેરકાયદે ઘૂસવા માટે આ લોકો વ્યક્તિદીઠ ૭૦ થી ૮૦ લાખ રૂપિયા વસૂલવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ગુજરાતીઓમાં મોટાભાગના પટેલ, ચૌધરી અને રાજપૂત સમાજના છે. જે મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને ગાંધીનગરના કલોલના રહેવાસી છે. સમગ્ર રેકેટ દિલ્હીનો શશી રેડ્ડી નામનો વ્યક્તિ સ્થાનિક એજન્ટોની મદદે ચલાવતો હતો. અમેરિકા જવા માંગતા લોકો પાસેથી ૭૦ થી ૮૦ લાખ રૂપિયા વસૂલાયા હતા.

જહાજ પર ડ્રોન હુમલામાં અમેરિકાએ કર્યો મોટો દાવો

# જહાજ પર હુમલો કરવામાં ઈરાનનો હાથ હોવાનો દાવો

। નવી દિલ્હી, તા.૨૪ ।

અરબી સમુદ્રમાં ક્રૂડ ઓઈલ ભરેલા જહાજ પર હુમલો કરાયો છે. ગુજરાત પાસે મધદરિયે જહાજ પર ડ્રોન હુમલો કરવાની ચોંકાવનારી ઘટના બની છે. સોમનાથથી ૩૭૮ કિમી દૂર જહાજ પર હુમલો કરાયો છે. આ જહાજમાં ૨૦ ભારતીય ક્રૂ મેમ્બર સવાર છે, જેમનો જીવ હાલ જોખમમાં છે.

આ જહાજ સાઉદી અરેબિયાથી ન્યુ મેંગલોર જઈ રહ્યું હતું. ત્યારે આ જહાજની મદદે ભારતીય કોસ્ટગાર્ડ આવ્યું છે. એમવી કેમ પ્લુટો પર ડ્રોન હુમલામાં EEZ માં પેટ્રોલિંગ કરતી વખતે ભારતીય કોસ્ટ ગાર્ડ શિપ અને એરક્રાફ્ટે જવાબ આપ્યો. ૨૩ ડિસેમ્બર ૨૩ના રોજ ભારતીય કોસ્ટ ગાર્ડ મેરીટાઈમ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર, મુંબઈને સ્ફ કેમ પ્લુટો પર આગ લગાડવાની માહિતી મળી. ૨૦ ભારતીય અને ૦૧ વિયેતનામીસ ક્રૂ સાથેના વેપારી જહાજ પર શંકાસ્પદ ડ્રોન હડતાલ અથવા હવાઈ પ્લેટફોર્મ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ મેરીટાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (MRCC) એ જહાજના એજન્ટ સાથે રીઅલ ટાઈમ કોમ્યુનિકેશનની સ્થાપના કરી અને કોઈ પણ જાનહાનિની ખાતરી કરી અને તમામ સહાયતાની ખાતરી આપી.

## તંત્રી લેખ...

# આ ગઠબંધનની સ્થાપના કરવામાં કોંગ્રેસનું યોગદાન એટલું જ મહત્ત્વનું છે

ગત જૂનમાં બનેલ 'ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુઝિવ અલાયન્સ' નામનું વિપક્ષી ગઠબંધન જેમાં ૨૮ પક્ષો છે, તેની ઈચ્છા છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ સામે લડવા માટે એક સંયુક્ત મોરચો બનાવવામાં જેટલું સંભવ હોય, વધુને વધુ વિપક્ષી દળોને સાથે જોડવામાં આવે. આ ગઠબંધનની સ્થાપના કરવામાં કોંગ્રેસનું યોગદાન એટલું જ મહત્ત્વનું છે જેટલું અન્ય પ્રાદેશિક પાર્ટીઓનું, આ એક રીતે ગાંધી પરિવારની સ્વીકારોક્તિ છે કે તેમનો રાજકીય વારસો પોતાના દમ પર ભાજપ સામે મુકાબલો કરવા લાયક રહ્યો નથી. વિપક્ષી ગઠબંધનની બેઠકોની શૃંખલાથી એ પણ સાબિત થાય છે કે કોંગ્રેસનો દબદબો બાકીનાઓ કરતાં વધુ નહીં, બરાબરીનો છે. આદર્શ રૂપે હાલની ઘટનાઓ આ પ્રકારના ગઠબંધનની જરૂરિયાતને વધુ ઊંડાણથી રેખાંકિત કરે છે. ખાસ કરીને કોંગ્રેસ માટે, કારણ કે પટનામાં વિપક્ષી ગઠબંધનના પહેલા સંમેલનથી જે અનુકૂળ માહોલ બન્યો હતો, તે આગળ જઈને ફિક્કો પડતો ગયો. તેનાથી સાત મહિના પહેલાં, રાહુલ ગાંધીની વ્યાપક ભારત જોડો યાત્રા પૂરી થયા બાદ પણ કંઈક આશા બંધાઈ હતી. જે સામાન્ય લોકો વચ્ચે તેમની છબિ એક અનિચ્છુક અને બેપરવા રાજનેતાની હોવાને બદલવામાં થોડી હદે સફળ થઈ હતી. કોંગ્રેસે કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં પ્રભાવશાળી જીત પણ મેળવી અને જેડી(એસ)ને ખતમ કરી નાખી, જેને કારણે તેણે 'એનડીએ'નું શરણું પકડ્યું છે. ૨૦૨૩નું વર્ષ ખતમ થતાં થતાં વિપક્ષ માટે પરિદૃશ્ય માયૂસીમાં બદલાઈ ગયું. ભાજપે હિંદી પટ્ટીના ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ સાથે સીધી ટક્કરમાં એકતરફી જીત મેળવી. આ ક્ષેત્રમાં હવે કોંગ્રેસી ધારાસભ્યોનું વજૂદ અહીં-ત્યાં છે. સંસદમાં ચાલી રહેલ વર્તમાન શિયાળુ સત્રમાં, ભાજપે ૨૦૨૪માં સત્તાવાપસીના કયાસો વચ્ચે પોતાની લગભગ આધિપત્યવાળી સ્થિતિને ફરી સુદૃઢ કરી છે. સંસદની સુરક્ષામાં લાગેલ હાલના ગાબડા પર વિપક્ષ દ્વારા સરકારને સદનની અંદર વક્તવ્યની માંગની ભાજપે જરા પણ પરવા ન કરી. સરકારે સદનમાં હંગામો કરનારાઓને પાસ ઉપલબ્ધ કરાવનાર સાંસદોને જવાબદાર ઠેરવવાના સૂચનને પણ ફગાવી દીધું અને ચર્ચા કરાવ્યા વિના કાયદા પણ પસાર કરાવી લીધા, જેનો ડેટા સુરક્ષા અને અપરાધિક ન્યાય પ્રણાલી પર દૂરગામી અસર પડશે. વિપક્ષી સાંસદોને જથ્થાબંધમાં બરતરફ કરાયા બાદ, લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષી સદસ્યોની ઉપસ્થિતિ બાકીના સત્રમાં નગણ્ય થઈ ગઈ છે. આવી હાલત વિપક્ષના ગઠબંધનને ફળીભૂત કરવામાં કેટલા પૂર્વ-સંકેતક છે? ૧૯ ડિસેમ્બરે વિપક્ષી ગઠબંધનના ઘટકોની નવી દિલ્હીમાં બેઠક થઈ, હેતુ હતો પરસ્પર ફૂટને લઈને ચાલી રહેલી ચર્ચાઓનું નિરાકરણ કરવામાં આવે, જે પાછળાં સત્રો બાદ અને હાલના રાજ્યોની ચૂંટણીઓ પહેલાં સીટ વહેંચણીને લઈને સમાજવાદી પાર્ટી, જેડીયુ અને રાષ્ટ્રીય લોકદળ વચ્ચે ખેંચતાણથી પેદા થઈ હતી. બેઠક, જેમાં શિવસેના(યુ), ઉત્તર પ્રદેશ અને બિહારમાં મંડલ કમિશન રાજનીતિ કરનારી પાર્ટીઓ, ડીએમકે અને તેના સહયોગી પક્ષ અને આમ આદમી પાર્ટી સામેલ હતા, તેમની વચ્ચે સહયોગ અને સર્વસંમતિ બનાવવા મુદ્દે હતી, પરંતુ તે થઈ ન શક્યું. હજુ પણ એ સ્પષ્ટ નથી કે શું પ્રતિભાગીઓ પહેલાં 'અપ્રાસંગિક' મનાતા મુદ્દાઓ ઉઠાવીને પોતાનું નુકસાન કરવા તત્પર હતા કે પછી પોતાના વિરોધાભાસોને વ્યક્ત કરીને બહુ ખુશ હતા.

# પ્રેમના અનુબંધને વધુ ને વધુ મજબૂત બનાવવો એ જ આ નાતાલના તહેવારનું મૂળ મહાત્મ્ય છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ૨૫ ડીસેમ્બર એટલે કે નાતાલનો તહેવાર! આમ તો પાશ્ચાત્ય સંસ્કૃતિમાં આ તહેવારની ઉજવણી થવી જોઈએ, પરંતુ આપણે આજે આધુનિકતાને નામે કઈ કેટલુ એ એમનું અપનાવ્યું છે! અને એ રીતે ભારતભરમાં નાતાલ અને ન્યુ યર પાર્ટી યોજાશે! સોશિયલ મીડિયા પર એને લઈને ઢગલો એક મેસેજ આવે છે, અને એમાં પણ આ સંસ્કૃતિ આપણી નથી માટે આમ કરતાં નહીં! તેમ કરતા નહીં ! તમારા બાળકોને સાચાં સંસ્કાર આપજો, ફોજીના કપડા પહેરાવજો, વગેરે વગેરે મેસેજના ઢગલા થાય છે. પરંતુ લોકોની માનસિકતાને આજે એ રીતે કળવી મુશ્કેલ છે! આજકાલ લોકોને પ્રભાવિત કરવા વક્તાઓ ગમે તે બોલતા હોય છે, અને ક્યારેક ક્યારેક તો ભાષાનું મહત્વ પણ જળવાતું નથી. સમાજમાં મોટેભાગે ડબલ સ્ટાન્ડર્ડ ધરાવતા લોકોનો સમૂહ વધતો જાય છે, અને એવાં કહેવાતા સેલીબ્રીટીના ફોલોવર્સ પણ કંઈ જાણ્યા કારવ્યા વગર વધતાં જાય છે! એની કહેલી ખોટી વાતને અનુસરતા જાય છે, ખેર છોડો! આજે આપણે ચરિત્રની ઓળખમા ભગવાન ઈસુના જન્મનો દિવસ એટલે કે શું કામ નાતાલનો તહેવાર ઉજવવામાં આવે છે? એને વિષે વાત કરીશું! અને એમાં પણ પ્રેમ દેવતા તરીકે સંસ્કૃતિ જેને સ્વીકારે છે, એવા ભગવાન ઈસુની વાત છે, કે જે દયા કરુણા પ્રેમ અને ક્ષમા જેવા વિરલ વ્યક્તિત્વના દાતા હતાં. વસુધૈવ કુટુંબની ભાવના આપણને સારાને વંદન કરતા શીખવે છે, તો આ ૨ સદીના યુગ પુરુષને વંદન કરવા જોઈએ. પૂજ્ય બાપુ કહે છે તેમ સત્ય અને શુભ જ્યાંથી મળે, ત્યાંથી સ્વીકારવાની તૈયારી રાખવી જોઈએ.

કહેવાય છે કે ઈસુનો જન્મ ઈ. સ. પુર્વે ૨ સદીમાં ઈઝરાયેલનાં નાઝરેથ પ્રાંતના બેથલેહેમ ગામમાં થયો હતો. તેમની માતાનુ નામ મરીયમ હતું, અને તેમનુ લગ્ન યુસુફ સાથે થયુ હતું. આમ તો ઈસાઈ ધર્મના લોકો એ પણ તેને સીધી રીતે સ્વીકાર્યા નહોતાં, અને આ મહાપુરુષના જન્મથી મરણ સુધીની યાત્રા પણ તકલીફ ભરેલી રહી છે. ભગવાન ઈસુને પણ જે તે સમયના લોકોએ સ્તંભ પર લટકાડી અને હાથે ખીલા માર્યા હતા.ઈસાઈ ધર્મમાં પણ સંપ્રદાય જોવા મળે છે, જેમાં રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટ એ બે મુખ્ય સંપ્રદાય છે, જેમનાં ગીરજા ઘર એટલે કે ચર્ચ પણ જુદા હોય છે. ઈસાઈ ધર્મનો બાઈબલ મુખ્ય ગ્રંથ છે, ધર્મના વડા ને પાદરી કહેવામાં આવે છે, અને ભગવાન ઈસુને ક્રોસ જેવા સ્તંભ પર લટકાડવામાં આવ્યા હોવાથી, ઈસાઈ ધર્મના ચિન્હ તરીકે ક્રોસને પણ અપનાવવામાં આવ્યું છે, પરંતુ બાઈબલમાં ક્યાંય પણ ઈસુના જન્મ ક્યારે એ વિશેની વાત કે તેનો ઉલ્લેખ છે નહીં! એટલે આ એક વિચારવા જેવી વાત છે કે આજના આધુનિક કહેવાતાં લોકો જેને અનુસરી રહ્યા છે, એના અસ્તિત્વ વિશે પણ સવાલ છે! જ્યારે આપણે તો રામ અને કૃષ્ણના વંશજ કે જેના જીવન ચરિત્ર પર આખે આખાં ગ્રથ છે! ઈસાઈ ધર્મમાં જે તે વ્યક્તિ ગિરજા ઘરમાં જઈને પોતાના કર્મનું કન્ફેશન એટલે કે આત્મનિવેદન પાદરી પાસે કરે છે, અને આ પાદરી પોતે ધર્મના વડા તરીકે પડદાની અંદર રહી આ વાત સાંભળે છે, પણ એ વાતને કોઈ ને જણાવતો નથી. આપણા ધર્મમાં પણ ભક્તિમાં આત્મનિવેદન ને છેલ્લી ભક્તિ કહેવામાં આવી છે. શરણાગતિ સ્વીકાર્યા બાદ સાધક પોતે સદગુરુ અથવા ઈશ્વરને પોતાના જીવનના તમામ ભેદ કહી દેતો હોય છે. ભગવાન ઈસુને પણ પ્રેમના મસીહા કહ્યા છે. કહેવાય છે કે તેનાં જન્મની પૂર્વસંધ્યાએ કેટલાક સંતો મધર મેરી પાસે જાય છે, અને તેને જણાવે છે કે પ્રેમના દેવતાનો જન્મ થવાનો છે, એના જન્મ સમયે આકાશમાંથી મધુર ગીત-સંગીત પણ પ્રસ્તુત થયું હતું જેને ભવિષ્યવાણી થઈ એવું પણ કહેવામાં આવે છે, અને એટલે જ ઈસાઈ ધર્મમાં ૨૪ ડિસેમ્બર ક્રિસમસ ઈવ તરીકે કેરલ ગાનનો પ્રોગ્રામ રાખવામાં આવે છે. ફરિશ્તાને આજે નાતાલમાં સેન્ટાકલોઝને પણ ફરિશ્તા રુપે ગણવામાં આવે છે. સેન્ટાકલોઝ સૌની ઈચ્છા પૂરી કરે છે, એવું દર્શાવવા એ ભેટ દેતા હોય એવું દર્શાવવામાં આવે છે. આપણી સંસ્કૃતિમાં પણ ફરિશ્તા એટલે કે દેવ પુરુષનું ખૂબ જ મહત્વ રહેલું છે, અને મોટેભાગે માતા પોતાના બાળકને સુવડાવતી વખતે જે હાલરડુ કે લોરી ગાય છે, તેમાં આનો ઉલ્લેખ થતો જોવા મળે છે.

આમ તો પૃથ્વી પર પ્રચલિત બધા જ ધર્મોનાં પાયામાં મુખ્યત્વે સત્ય પ્રેમ અને કરુણા એટલે કે માનવતા જ રહેલા છે, અને કોઈ પણ ધર્મ માનવને અંદર અંદર લડાઈ ઝઘડા કે વેર રાખવાનું શીખવતા નથી. હિન્દુસ્તાનમાં મૂળ હિંદુ ધર્મ જ હતો, અને જૈન, શિખ, બૌદ્ધ ધર્મ ક્યાંક થોડેઘણે અંશે હતાં, મુસ્લિમ પ્રજા હોવાથી ઈસ્લામ ધર્મ પણ હતો. ભારતમાં અંગ્રેજ શાસન પછી ઈસાઈ ધર્મનો વ્યાપ વધતો જોવા મળ્યો એવું બિલકુલ નથી, પણ આપણાં યુવાનો હવે વિલાયત વસવાટ કરવા લાગ્યાં એટલે, તેમજ ભારતીય પ્રજાની ગરીબી જોઈને અમુક સમય પહેલા ધર્માંતરની પ્રવૃતિ એ બહુ વેગ પકડ્યો હતો, અને એ રીતે પછાત વર્ગનાં ઘણા લોકો એ ઈસાઈ ધર્મ અંગીકાર કર્યો છે. હવે તો ઈંગ્લીશ કેલેન્ડર અપનાવ્યું હોવાથી, એ રીતે પણ લોકો નવું વર્ષ ઉજવતા થયાં છે.


ફરિશ્તા શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો દેવ પુરુષ એવો થાય, કે જે આવી અને આપણી સમસ્યા દૂર કરી જાય! આપણા સૌના જીવનમાં આ ઘટના ઘટી હોય છે,કે જ્યારે આપણે અત્યંત મુશ્કેલીમાં હોઈએ, ત્યારે કોઈ આપણી સમસ્યા દૂર કરી જતું હોય છે, અને આપણા મોઢામાંથી શબ્દ નીકળે છે કે ફરિશ્તા બનીને તે આવ્યાં, અને અમારું કામ કરી ગયા. એટલે જે તેની મૂળ પરિકલ્પના છે કે, આકાશમાંથી કોઈ ઉતરીને આવે અને આપણું દુઃખ દર્દ દૂર કરે એવું થતું નથી, પણ આપણામાંથી જ કોઈ ફરિશ્તા બની શકે છે. સમાજમાં કેટલી બધી પ્રકારના લોકો વસતાં હોય છે, પણ મુખ્ય વાત જે અભાવમાં જીવનારા હોય છે, તેમના બાળકોને તેની માતા આવું એક સ્વપ્ન તેની આંખમાં આંજે છે. એટલે કે લોરી સ્વરૂપે તે બાળકની આંખમાં એક વાત મુકે છે કે, તારા દુઃખદર્દ પણ ફરિશ્તો આવીને દૂર કરશે, અને આપણી જીંદગીમાં પણ સુખ ચેનના દિવસો આવશે.કોઈ રોગ થયો હોય, કે એકાદ અંગમાં કોઈ ખામી હોય, અને અન્ય બાળકની જેમ પોતાનું બાળક રમી શકતું ન હોય, ત્યારે પણ માતા બાળકને આવાં ફરિશ્તાની વાત કરે છે. પરંતુ મારી રીતે તો બાળક માટે ફરિશ્તા બનીને માતા-પિતા જ આવતા હોય છે. જીવનમાં અભાવનો પણ એક આનંદ હોય છે, એ વાક્ય પુજ્ય બાપુ પોતાના અભાવના દિવસો યાદ કરી કથામાં બાપું કહેતા હોય છે, અને એ વાત ખરેખર સાચી લાગે છે. કારણ કે વસ્તુ આનંદ આપતી નથી, વ્યક્તિ જ આનંદ આપી શકે છે. જોકે હવે તો સીંગલ ચાઈલ્ડ મેન્ટાલીટી! જેને કારણે સવર્ણની સંખ્યા ઘટતી જ જાય છે.


આમ પણ બાળકને પ્રેમ નામની સંજીવનીનો પ્રથમ પરિચય તેના માતા-પિતા દ્વારા જ થતો હોય છે. ધર્મ ગમે તે હોય અને માતા-પિતા પણ ગમે તે ધર્મને માનતા હોય, પણ પોતાના સંતાનથી વધુ તેની માટે કોઈ જ વસ્તુ હોતી નથી, એ સત્ય આપણે સૌ જાણીએ છીએ. તો પ્રેમના એ મસીહા એ પોતાનું આખું જીવન પોતાના બાળક માટે વિતાવ્યું હોય, તેને કપરામાં કપરી પરિસ્થિતિમાં પણ પોતાની હૂંફ, લાગણી, અને જે તે વસ્તુ પદાર્થથી તેને તેની સમસ્યા હલ કરી હોય છે. તો માતા પિતાથી મોટો કયો ફરિશ્તો હોઈ શકે? અને આપણી સંસ્કૃતિમાં આપણે ઈશ્વરના સંતાન છીએ,એ પણ વાત કરવામાં આવી છે. એટલે કે પરમ કૃપાળુ પરમાત્માનાં આપણે સૌ અંશ છીએ, અને પરમ કૃપાળુ પરમાત્માનો મુખ્ય સ્વભાવ પ્રેમ છે, તો અરસપરસ પ્રેમના અનુબંધ ને વધુ મજબૂત બનાવી, આ નાતાલના તહેવારનું મૂળ મહાત્મ્ય છે. હવે કોઈ ઈસુને વધસ્તંભ એ ચડવું પડે નહીં એવું કરીએ, સમાજના જે તે વ્યક્તિ સારું કાર્ય કરતા હોય તેને દિલથી પ્રશંસા કરીએ, તેની નિંદા કરવાનું બંધ કરીએ, અને તેને માન-સન્માન આપીએ, તેના કર્મને પણ પ્રેરણા બનાવી સૌ પોતાના જીવનમાં ઉતારી, જેટલું થાય તેટલું માનવતાના ધર્મનો નિભાવવા કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

# અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો તેનું ફળ મળે છે ઉતાવળે કરેલા ભોજનથી ભલે સ્વાદનો અનુભવ ન થાય, પણ ભૂખ તો ભાંગે જ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





જપ વિધિમાં બે નિયમ સાચવજો. બ્રહ્મચર્ય પાળવું અને બીજા કોઈનું ખાવું નહીં. કેવળ વાંચવાથી જ્ઞાનનો અનુભવ થતો નથી. પ્રાચીનકાળમાં સંતો ક્યાં ભણવા ગયા એવું તેમના ચરિત્રમાં લખ્યું નથી. પણ ભાગવતભક્તિથી ચિત્ત શુદ્ધ થતાં અંદરથી જ્ઞાનનું સ્ફુરણ થતું. પંડિત શાસ્ત્રની પાછળ દોડે છે. મીરાંબાઈ જે બોલે તેની પાછળ શાસ્ત્ર દોડે છે તેર કરોડ જપ કરવાથી અને ઈશ્વરનું મિલન થાય છે. કળિકાળમાં આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. અધિકારી ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવાથી મંત્રથી દિવ્યશક્તિ આવે છે.કેવળ વેદાંતના સિદ્ધાંતો સમજવા મુશ્કેલ છે અને સમજાય તો પણ અનુભવવા મુશ્કેલ છે. દુઃખ શરીરને થાય છે. આત્મા કેવળ દૃષ્ટા છે,એમ બોલવું- સમજવું સહેલું છે. પણ આ સિદ્ધાંતોનો અનુભવ કરવો મુશ્કેલ છે,ત્યારે નામસ્મરણ સહેલું છે. ભક્તિ સહેલી અને સરળ છે. ભક્તિ મરણ સુધારે છે.

કથા જીવનમાં માર્ગ બતાવે છે. કથા મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે, પણ તેનો ઉદ્ધાર તો નામ જપ, નામસ્મરણથી જ થાય છે. આ સંબંધમાં અજામિલનું દૃષ્ટાંત આપવામાં આવે છે. અજામિલ અધમ હતો, પણ ભગવન્નામનો આશ્રય કરી કૃતાર્થ થયો. આપણે બધા અજામિલ છીએ. અજા એટલે માયા. માયામાં જ મળી ગયો તે અજામિલ. સંસારમાં માયાના સંસર્ગમાં આવવું જ પડે છે. માયાને પકડવી પડે પણ તેને અગ્નિની પેઠે વિવેકરૂપી સાણસીથી પકડજો. અગ્નિ વિના વ્યવહાર ચાલતો નથી, છતાં કોઈ અગ્નિને હાથમાં લેતું નથી. માયા આપણી પાછળ પડે છે. તેનાથી બચવાનું છે અને ઈશ્વર પાછળ પડવાનું છે. ઈશ્વર પાછળ પડતા માયા દૂર થશે. કનક અને કાંતા એ માયાના રૂપો છે. એ બે વસ્તુમાં મન જાય તેવો નિશ્ચય કરજો. શરીરથી પાપ કરશો તો સજા થાય છે, અને મનથી પાપ કરશો તો તેની પણ સજા થાય છે.

કાન્યકુબ્જ દેશમાં અજામિલ નામનો એક બ્રાહ્મણ હતો. એ અનેક પ્રકારનાં પાપો કરી ગુજરાન ચલાવતોજો કે પહેલાં તો મંત્ર વેત્તા પવિત્ર અને સદાચારી હતો. પણ એક કુલટાને જોઈ એનું મન બગડ્યું. પાપ પહેલું આંખ વાટે આવે છે. આંખ બગડી એનું મન બગડ્યું. મન બગડ્યું એનું જીવન બગડ્યું. રાવણની આંખ બગડેલી તો હંમેશ માટે તેનું નામ બગડેલું રહ્યું છે. માટે કામને આંખમાં આવવા દેશો નહીં. મનુષ્ય શરીરથી,આંખ અને મનથી વધારે પાપ કરે છે. એથી વગર પ્રયોજને કોઈને આંખ આપવી નહી આંખમાં રામ રાખો તો કામ મનમાં આવશે નહી.અજામિલ પેલી બાઈને પોતાના ઘરે લઈ આવ્યો. એક પાપમાંથી બીજું પાપ તેમ અજામિલ દુરાચારમાં આગળ વધ્યો તે પાપાચાર કરવા લાગ્યો. ચોરી પણ કરવા લાગ્યો. લૂંટ પણ કરે છે. એક વખત કેટલાક સાધુઓ ફરતા ફરતા અજામિલને ઘરે આવ્યા. તેમણે ભિક્ષા માગી. બાઈએ તેમને અનાજ આપ્યું.

દુશ્ચરિત્રનું અન્ન લેવાની શાસ્ત્રના પાડી છે, પણ સાધુઓ બાઈને જાણતા ન હતા એટલે તે અન્નની રસોઈ કરી સાધુઓ જમ્યા. તે પછી અજામિલે સાધુઓને પ્રણામ કર્યા. સાધુઓ કહે છે, તારા ઘરેથી ભોજન મળ્યું, પણ દક્ષિણા મળી નહીં! અજામિલ કહે, હું તમને લૂંટી લેતો નથી એજ તમારી દક્ષિણા છે. હું કોઈ સાધુને પૈસા આપતો નથી. બીજું કાંઈ માગો તો આપું.

સાધુની ભાવના એ કે જેનું ખાધું એનું કલ્યાણ થાઓ. એટલે તેમણે કહ્યું, તારા ઘરે જે પુત્ર આવે તેનું નામ નારાયણ રાખજે. આ અમે માગ્યું!અજામિલને ત્યાં પુત્રજન્મ થયો. એનું નામ નારાયણ રાખ્યું. છેલ્લી સંતતિમાં માતાપિતાને વિશેષ પ્રેમ હોવાથી અજામિલ વારંવાર નારાયણને બોલાવે છે. આમ નારાયણ નામની ટેવ પડી.

અતિશય પાપી, અતિકામી, પૂરું આયુષ્ય ભોગવી શકે નહીં. અજા મિલનું બાર વર્ષનું આયુષ્ય બાકી હતું,તેમ છતાં યમદૂતો લેવા આવ્યા અજામિલનો મૃત્યુકાળ નજીક આવ્યો.પોતાના સૌથી નાના પુત્ર નારાયણમાં તે અતિ આસક્ત એટલે પોતાના પુત્રનું નામ દઈને તે બોલવા લાગ્યો.

નારાયણ, નારાયણ.છેલ્લા સંતાન માં મા-બાપનું મન વિશેષ ફસાય છે.રોજની આદત પ્રમાણે અજામિલ નારાયણ, નારાયણ એમ બે વખત બોલ્યો.તેનો દીકરો નારાયણ તો આવ્યો નહીં, પણ વિષ્ણુદૂતો આવ્યા. વિષ્ણુદૂતો યમદૂતોને કહે કે, આને છોડી ડો. એ પાપી છે, પણ તેણે ભગવાનનું નામ લઈ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે.તેનાં થોડાં પાપ બચી ગયાં છે. હવે તેને જીવવા દો. તેના આયુષ્ય ના બાર વર્ષ હજુ બાકી છે. યમદૂતો કહે છે કે, અજામિલ નારાયણ, નારાયણ કરતો હતો, પણ તે વૈકુંઠવાસી નારાયણ નહીં. એના છોકરાનું નામ નારાયણ છે. એ તો એના દીકરા નારાયણને બોલાવતો હતો. ત્યારે વિષ્ણુદૂતો કહે છે, અજાણતાં પણ પ્રભુનું નામ તેના મુખેથી નીકળ્યું છે. અજાણતાં પદ પગ અગ્નિ ઉપર પડે તો પણ અગ્નિ બાળે છે, પગ દાઝે છે.તે પ્રમાણે અજાણતા માં પણ ભગવાનનું નામ લેવાય તો કલ્યાણ થાય છે. અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો તેનું ફળ મળે છે. ઉતાવળે કરેલા ભોજનથી ભલે સ્વાદનો અનુભવ ન થાય, પણ ભૂખ તો ભાંગે જ છે એમ અજાણપણે પ્રભુનું નામ પણ પાપનો નાશ કરે જ છે.અજા મિલ ઉદ્દેશીને નારાયણ,નારાયણ બોલ્યો પણ બહાને તેણે બે વખત ભગવાન નું નામ તો લીધું ને! ગમે તેવા દુરા ચારીનો ઉદ્ધાર કરવાની ભગવાન માં તાકાત છે.

આ બાબતમાં ભાગવત બિલકુલ સ્પષ્ટ છે. તે કહે છે કે, જાણવા વાળાઓ જાણે છે કે, સંકેતમાં, પરિહાસમાં, આલાપમાં અથવા કોઈની અવહેલના કરવા માં પણ જો કોઈ ભગવાનના નામોનું સ્મ રણ કરે છે તો તેનાં સઘળાં પાપો નષ્ટ થઈ જાય છે.

જે મનુષ્ય પડતી વખતે,પગ લપસી પડે ત્યારે, અંગભંગ થાય ત્યારે, સાપ ડંસે ત્યારે, તાવમાં સપડાયેલો હોય ત્યારે, ચોટ લાગે ત્યારે વગેરે સમયે વ્યાકુળ બની 'હરિ હરિ' કહી ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે, તે નરકની યાતનાને પાત્ર રહેતો નથી. પડતી વખતે, કાંઈ નુકસાન થાય ત્યારે હાય હાય ન કરો, હરિ હરિ કરો. ઘરમાં દૂધ ઉભરાય ત્યારે માતાજી હાય હાય કરે છે. હાય હાય કરે શું વળવાનું હતું? તેને બદલે હરિ હરિ કરો! અનાયાસે યજ્ઞનું ફળ મળશે.બાકી કોઈ અગ્નિને આહુતિ આપવાના નથી. હાયમાં સહેજ ફેરફાર કરી હરિ હરિ કહો.આથી અનાયાસે નામ સ્મરણ થશે, હરિના નામનો જપ થશે. વાલ્મીકિ રામાયણમાં લખ્યું છે કે, મૃતાત્મા પાછળ બહુ હાય હાય કરે તો તેનું દુઃખ મૃતાત્માને થાય છે. જો હરિ હરિ હરિનું સ્મરણ કરે તો તેનું પુણ્ય મૃતાત્માને મળે છે.વિષ્ણુદૂતોએ અજામિલને યમ દૂતોના પાસમાંથી છોડાવ્યો. તેનો ઉદ્ધાર થયો.અજામિલ જેવા નોય ઉદ્ધાર થયો એ બતાવે છે કે, આપણા સનાતન ભાગવત ધર્મમાં કોઈ કેસ હોપલેસ નથી. આપણી દવા અકસીર છે.સત્કર્મથી અપમૃત્યુ ટળે છે, મહા મૃત્યુ ટળતું નથી.આયુષ્ય બાકી હોવા છતાં પાપકર્મોના ફળરૂપે આવેલું મૃત્યુ ટળે છે. અજામિલનું અપમૃત્યું હતું તેથી તે ટળ્યું. પાપીને પશ્ચાત્તાપ થાય તો તેના જીવનમાં એકદમ પલટો આવે છે. માટે કોઈ પાપીનો તિરસ્કાર ન કરો. પાપનો તિરસ્કાર કરો. અજામિલને અતિશય પશ્ચાત્તાપ થયો. પ્રાયશ્ચિત્તથી તેનાં સર્વ પાપો બળી ગયાં. હવે તે સર્વ છોડી ભાગવત સ્મરણ કરવા લાગ્યો. અજામિલ હવે નિરસ ભોજન કરતો હતો. જેને ભોજન સરસ, એનું ભજન નિરસ.જેનું ભોજન નિરસ એનું ભજન મહંસ. અજામિલની બુદ્ધિ હવે ત્રિગુણ પ્રકૃતિથી પર થઈ ભગવાનના સ્વરૂપમાં સ્થિત થઈ છે. તેમને લેવા પાર્ષદો વિમાન લઈને આવ્યા. વિશિષ્ટ માન એ જ વિમાન છે. જ અજામિલે 'નારાયણ નારાયણ' જપ કરીને જીભ સુધારી અને જિંદગી પણ સુધારી.જીભને ગામડાનો રસ પીવવવશો તો જશે ગમનામ ચઢી જશે.સમજાવો સુધરે આપણી લૂલી શિખંડ માગે તો એને કડવા લીમડાનોભગવદ ભક્તિ કરનારને આ લોકમાં અને પરલોકમાં પણ માન મળે છે. ભગવતકીર્તન કરતાં કરતાં અજા મિલ ભાગવદ્ધામમાં ગયો. ભગવન્નામનો આશ્રય કરનાર અજામિલ તરી ગયો.પહેલા અજા નો અર્થ કરેલો માયા.હવે નામનો આશ્રય કર્યા પછી અજનો અર્થ કર્યો બ્રહ્મ. આજે અજામિલ અજ એટલે બ્રહ્મ,સાથે મળી બ્રહ્મ રૂપ થયો છે. આજે જીવ- શિવ એક થયા છે. અજા મિલ શબ્દના બે અર્થો થાય છેઃ અજા માયા માયામાં ફસાયેલો માયાનું ઘણી રીતે વર્ણન કરવામાં આવ્યું છે.શ્રીમદ્ શંકરાચાર્યે માયા ની વ્યાખ્યા કરેલી છે કે,કંચન કામિનીમાં જે ફસાયેલો રહે તેને માયામાં ફસાયેલો જાણવો. કનક અને કામિની,બે ચીજને એમણે ત્ય જવા જેવી ગણાવી છે.

શંકરાચાર્ય કહે છે કે, બંધાયેલો કોણ? તો જે પાંચ વિષયોમાં આસક્તિવાળો છે તે.છૂટેલો કોણ ?તો જેને વિષયો પ્રત્યે વૈરાગ્ય આવેલો છે તે, ઘોર નરક કયું? તો આ પોતાનો જ દેહ મૂત્ર, વિષ્ટા,માંસ,લોહી વગેરે દુર્ગંધયુક્ત પદાર્થો તેમાં ભરેલા છે. સ્વર્ગમાં જવા માટે પગથિયું કયું? તો સર્વ તૃષ્ણાઓનો ક્ષય. દરિદ્ર કોણ? તો જેને ઘણી તૃષ્ણાઓ છે તે.શ્રીમંત કોણ?સદાને માટે સંપૂર્ણ સંતોષી છે તે. મોટામાં મોટો રોગ કયો?તો જન્મ ધારણ કરવો તે આ રોગને દૂર કરવાનું ઔષધ કયું? પરમાત્મા સ્વરૂપનો વારંવાર વિચાર કરવો તે અજામિલ શબ્દ નો બીજો અર્થ આમ થાય.અજ એટલે ઈશ્વર. ઈશ્વરમાં સર્વ રીતે મળી ગયેલો, બ્રહ્મમાં લીન થયેલો જીવ તે અજામિલ.

# મૌની રોયના બિકની લુકે વધાર્યો ઇન્ટરનેટનો પારો

## દિશા પટનીએ બીચ સાઇડનો નજારો બતાવ્યો છે, એક્ટ્રેસે રેડ કલરની બિકિની પહેરીને લોકોને ઘાયલ કરી દીધા છે



બોલિવૂડની ગ્લેમરસ હસીના દિશા પટની અને ટીવીની નાગિન મૌની રોયની દોસ્તી કોઈનાથી છુપી રહે એમ નથી. મૌની રોય અને દિશા પટની બન્ને સારા ફ્રેન્ડ્સ છે. બન્ને વચ્ચે ગજબનું બોન્ડિંગ છે. દિશા અને મૌની સામાન્ય રીતે પાર્ટીમાં સાથે જોવા મળતા હોય છે. એક જ પાર્ટીમાં ધમાકેદાર એન્ટ્રીથી પૈપરાઝીથી લઈને ફેન્સ સુધી.. એમ તમામ લોકોનું ધ્યાન ખેંચતા હોય છે. બન્ને સામાન્ય રીતે વેકેશન પણ સાથે કરવા જતા હોય છે. જો કે આ વખતે પણ હસીનાઓ થાઈલેન્ડમાં પોતાની રજાઓની મજા માણી રહ્યા છે. આ તસવીરો સામે આવી છે. દિશા પટની અને મૌની રોયે થાઈલેન્ડથી કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં બન્નેની કાતિલ અદાઓ જોવા મળી રહી છે. આ તસવીરોમાં દિશા અને મૌનીનો બિકીની લુક જોવા મળી રહ્યો છે. દિશા પટનીએ બીચ સાઈડનો નજારો બતાવ્યો છે, જ્યાં એક્ટ્રેસે રેડ કલરની બિકિની પહેરીને લોકોને ઘાયલ કરી દીધા છે. દિશા રેડ બિકીનીમાં સુપર હોટ લાગી રહી છે. જો કે હાલમાં દિશાની આ તસવીરો ખૂબ વાયરલ થઈ રહી છે. દિશાની આ તસવીર જોઈને ફેન્સ પાગલ થઈ ગયા છે. દિશા પટની રેડ કલરની બિકીનીમાં અલગ-અલગ પોઝ આપ્યા છે. આ ફોટામાં એક્ટ્રેસ તડકામાં બેઠી છે જે એની હોટનેસમાં તડકો લગાવે છે. પરંતુ આ તસવીરમાં તમે દિશાની કાતિલ અદાઓ જોઈને આંખો પટપટવા લાગશે. આ તસવીરમાં દિશા પટની બીચ બાજુ મોં રાખીને ઉભી રહી છે. એક્ટ્રેસની આ તસવીર પ ાછળથી ક્લિક કરવામાં આવી છે. દિશાના આ ફોટા પર ફેન્સની નજર ટકી ગઈ છે. દિશાની કર્વી ફિગર જોઈને તમને પણ પરસેવો છૂટી જશે. મૌની રોય પણ થાઈલેન્ડમાં બીચ પર પોતાની હોટનેસ અદાઓ બતાવી રહી છે.

# હું ઐશ્વર્યાના મોઢા પર જ કહું છું : જયા બચ્ચન

## ઐશ્વર્યા રાય વિશે વાત કરતી વખતે તે કહી રહી છે કે, જો મને ઐશ્વર્યા વિશે કંઈ ન ગમતું હોય તો હું તેના ચહેરા પર કહું છું



। મુંબઈ, તા.૨૪ ।

દરેક મુદ્દા પર ખુલ્લેઆમ પોતાનો મત વ્યક્ત કરનાર જયા બચ્ચનનો જૂનો ઈન્ટરવ્યુ વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેણે તેની વહુ ઐશ્વર્યા રાય વિશે મોટો ખુલાસો કર્યો છે. જ્યારે સાસુ જયાએ પુત્રવધૂ ઐશ્વર્યાના વર્તન અંગે મોટો ખુલાસો કર્યો ત્યારે તેણે કહ્યુ- 'હું તેના ચહેરા પર કહું છું. ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન તેમના અંગત જીવનને લઈને ઘણા દિવસોથી ચર્ચામાં છે. અહેવાલો અનુસાર, ઐશ્વર્યા રાય હવે તેના સાસરાનું ઘર છોડીને તેની માતાના ઘરે શિફ્ટ થઈ ગઈ છે. આ દરમિયાન અભિનેત્રીની સાસુ અને જયા બચ્ચનનો એક જૂનો ઈન્ટરવ્યુ સોશિયલ મીડિયા પર ચર્ચાઈ રહ્યો છે. જેમાં ઐશ્વર્યા રાય વિશે વાત કરતી વખતે તે કહી રહી છે કે, જો મને ઐશ્વર્યા વિશે કંઈ ન ગમતું હોય તો હું તેના ચહેરા પર કહું છું. એકવાર રેડિફ સાથે વાત કરતી વખતે, જયા બચ્ચને તેમની વહુ ઐશ્વર્યા રાય સાથેના સંબંધો વિશે ખુલીને વાત કરી હતી. તેણીએ કહ્યું હતું કે, 'તે મારી મિત્ર છે, જો મને તેના વિશે કંઈક ગમતું નથી, તો હું તેના મોં પર કહીશ. કારણ કે, હું પીઠ પાછળ રાજનીતિ નથી કરતી. આ દરમિયાન જયાએ એમ પણ કહ્યું હતું કે, 'જો ઐશ્વર્યા ક્યારેય મારી સાથે અસહમત થાય તો તે મને કહી પણ શકે છે. હા, ફરક એટલો જ છે કે પુત્રવધૂ હોવાને કારણે તેણે થોડું ધ્યાન રાખવું પડે છે કારણ કે, હું પરિવારની વડીલ છું. જયા બચ્ચને એમ પણ કહ્યું હતું કે, જો અમે બંને સાથે હોઈએ તો ખૂબ એન્જોય કરીએ છીએ. અમારા સંબંધો ઘણા સારા છે. તમને જણાવી દઈએ કે, આ પ હેલા પણ જયાએ ઘણી વખત પોતાની વહુના વખાણ કર્યા હતા. એકવાર તેણે ઐશ્વર્યાને મહાન માતા પણ કહી હતી. ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચનના લગ્ન ૨૦ એપ્રિલ ૨૦૦૭ના રોજ થયા હતા. બંને એક દીકરી આરાધ્યા બચ્ચનના માતા-પિતા છે.

# અંકિતા લોખંડે અને વિક્કી જૈન વચ્ચે ડિવોર્સ થવાના એંધાણ





। મુંબઈ, તા.૨૪ ।

અંકિતા લોખંડે અને વિકી જૈન બિગ બોસ ૧૭ના ઘરમાં છે. ઘરમાં કપલના સંબંધોમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે. બિગ બોસ ૧૭ના ઘરમાં બે મહિના સુધી સાથે રહ્યા બાદ બંને વચ્ચે તેમના સંબંધોને લઈને ચર્ચા ચાલી રહી છે. દરમિયાન અંકિતાએ છૂટાછેડાની શક્યતાનો પણ ઉલ્લેખ કર્યો હતો. બિગ બોસ ૧૭'ના લેટેસ્ટ એપિસોડમાં વિકી જૈન અને અંકિતા લોખંડે વચ્ચે લડાઈ જોવા મળી હતી. બંને વચ્ચે ઝઘડો ત્યારે થયો જ્યારે વિકી અને વાઈલ્ડ કાર્ડ આયેશા ખાન મજાક કરતા જોવા મળ્યા કે "પરિણીત લોકો ઘણી મુશ્કેલીમાંથી પસાર થાય છે." આ વાતચીતથી અંકિતા ગુસ્સે થઈ ગઈ અને તેણે પૂછ્યું કે શું વિકી છૂટાછેડા ઈચ્છે છે. આયશાએ વિક્કીને લગ્નજીવન વિશે પૂછપરછ કરતાં ઝઘડો શરૂ થયો હતો. વિકીએ મજાકમાં જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે પરિણીત પુરુષો ક્યારેય સમજાવી શકતા નથી કે તેમને કેટલીક પીડા સહન કરવી પડે છે. વિકીએ કહ્યું, "હું ક્યારેય કહી શકતો નથી કે મને કેવું લાગે છે. પરિણીત લોકો, ખાસ કરીને પુરુષો, સમાન પરિસ્થિતિમાંથી પસાર થાય છે. તેઓ સમજાવી શકતા નથી કે તેઓ ખરેખર કઈ સ્થિતિમાંથી પસાર થાય છે અને તેમને શું દુઃખ થાય છે. આયેશાએ કહ્યું કે તે તેના પિતાના કારણે જ લગ્ન કરશે. વિકીને જવાબ આપતા અંકિતાએ કહ્યું, 'તને આટલું દુઃખ છે તો તું મારી સાથે કેમ છે. ચાલો ડિવોર્સ લઈ લઈએ, મારે તારી સાથે ઘરે પાછા જવું નથી. આયેશા સાથે વાત કરતાં તેણે કહ્યું, "વિકી મને પ્રેમ કરે છે પરંતુ તે મને તે નથી આપી રહ્યો જે હું ખરેખર ઈચ્છું છું. કેટલીકવાર હું તેના દ્વારા હાવી થયાનું અનુભવું છું.

# પહેલા ઝઘડા અને હવે પત્ની અંકિતા પર ઉપાડ્યો હાથ !





। મુંબઈ, તા.૨૪ ।

બિગ બોસ ૧૭ ના ઘરની શરૂઆતથી જ અંકિતા લોખંડે અને તેના પતિ વિકી જૈન વચ્ચેના સંબંધો ચર્ચાનો વિષય બની ગયા છે. શોના તાજેતરના એપિસોડમાં, એવું જોવામાં આવ્યું હતું કે જ્યારે અંકિતા લોખંડેએ અભિષેક કુમાર સાથે વિકી જૈનની દલીલમાં પોતાનો પક્ષ રજૂ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે અચાનક ગુસ્સામાં વિકીએ અંકિતાને થપ્પડ મારવા માટે તેના પર હાથ ઉપાડ્યો. વિકીની આ ક્રિયા જોઈને અંકિતા પણ ચોકી ગઈ. પરંતુ તરત જ મામલો સંભાળતા વિકીએ હાથ નીચે મુકી બ્લેક્રેટમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કર્યો. આ વીડિયો જોઈ દર્શકો ચોંકી ગયા છે. આ આખી ઘટના અભિષેક કુમાર અને અરુણ મહાશેટ્ટીની સામે બની અને બંનેએ તરત જ વિકી સામે અવાજ ઉઠાવ્યો અને કહ્યું કે વિકીએ અંકિતા પર હાથ ઉપાડીને મોટી ભૂલ કરી છે. અભિષેક કુમાર વારંવાર કહેતો રહ્યો કે વિકીએ અંકિતાને થપ્પડ મારવાનો પ્રયાસ કર્યો હતો. પણ અંકિતા આ વાત નેશનલ ટીવી પર સ્વીકારવા બિલકુલ તૈયાર નહોતી.

ખરેખર, બિગ બોસના ઘરમાં દરેક રૂમમાં દસથી વધુ કેમેરા લગાવવામાં આવ્યા છે. કેટલીકવાર કેમેરાના એક એંગલથી બતાવેલ ફૂટેજ ખોટી રીતે દેખાઈ શકે છે. જો કે, આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે વિકી ગુસ્સામાં છે અને તે અંકિતા તરફ ઝૂકી રહ્યો છે અને હાથ ઉઠાવી રહ્યો છે, અભિનેત્રી પોતાને બચાવવાનો પ્રયાસ કરી રહી છે. મામલો અહીં પૂરો નથી થયો. વિકી જૈનના આ વલણને લઈને સોશિયલ મીડિયા પર ભારે હોબાળો થયો હતો. લોકોએ વિક્કીને જોરદાર ટ્રોલ કર્યો. એક યુઝરે કહ્યું, "આ ખૂબ જ અસંસ્કારી કૃત્ય છે. મને અંકિતા માટે ખરાબ લાગે છે. તેણે આવા માણસને છોડી દેવો જોઈએ. વિકી અંકિતાને થપ્પડ મારવા જતો હતો. એકે કહ્યું, "તેથી સ્પષ્ટ છે કે વિકી જૈને અંકિતાને મારવાનો પ્રયાસ કર્યો હતો. અરુણ અને અભિષેક સાચા હતા." એક યુઝરે લખ્યું, "આ ઘૃણાસ્પદ છે. વિકીએ અંકિતાને લગભગ થપ્પડ મારવા જ જઈ રહ્યો હતો. તે બેશરમ છે. વિકી તેની પત્નીનું સન્માન કરી શકતો નથી. તે નેશનલ ટીવી પર ગુંડાગીરી પણ કરી રહ્યો છે.

# શ્વેતા બચ્ચન એ જવાબ આપ્યો કે અભિષેક ઐશ્વર્યા કરતાં સારો એક્ટર

## ગત દિવસોમાં જ ખબર સામે આવી હતી કે, અમિતાભ બચ્ચને પોતાનો જૂહુવાળો બંગલો પોતાની દીકરી શ્વેતા બચ્ચનને ભેટમાં આપી દીધો છે





। મુંબઈ, તા.૨૪ ।

બચ્ચન પરિવાર છેલ્લા કેટલાક દિવસોથી પરિવારના સદસ્યો વચ્ચે કથિત મતભેદને લઈ ચર્ચામાં છે. ગત દિવસોમાં જ ખબર સામે આવી હતી કે, અમિતાભ બચ્ચને પોતાનો જૂહુવાળો બંગલો પોતાની દીકરી શ્વેતા બચ્ચનને ભેટમાં આપી દીધો છે. જેના પછી ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનના અલગ થવાની અફવાહોએ જોર પકડી લીધુ. જોકે તેના પછી દીકરી આરાધ્યાના એનુઅલ ફંક્શનમાં અભિષેક અને ઐશ્વર્યા સાથે નજર આવ્યા હતા. હજુ સુધી બચ્ચન પ રિવારના કોઈ પણ સદસ્યએ ઐશ્વર્યા-અભિષેકના ડિવોર્સની પુષ્ટી કરી નથી. પરંતુ બચ્ચન પરિવારમાં અણબનાવની ગાથા સમાપ્ત થવાનું નામ જ નથી લઈ રહી. જો કે, આરાધ્યાના એન્યુઅલ ફંક્શનમાં બંને વચ્ચે જબરદસ્ત કેમિસ્ટ્રી જોવા મળી હતી. પરંતુ ઐશ્વર્યા તેની સાસુ જયા બચ્ચન અને નણંદ શ્વેતા બચ્ચન વચ્ચેના સંબંધો પર હજુ પણ પ્રશ્નાર્થ છે. આ દરમિયાન શ્વેતા બચ્ચન અને અભિષેક બચ્ચનનો એક વીડિયો ચર્ચામાં છે, જેમાં તેઓ કરણ જોહરના લોકપ્રિય રિયાલિટી શો કોફી વિથ કરણમાં જોવા મળી રહ્યા છે. આ શો દરમિયાન શ્વેતાએ ઐશ્વર્યા રાય બચ્ચન વિશે એવી ઘણી વાતો કહી હતી. જેના કારણે લોકો અનુમાન લગાવવા લાગ્યા હતા કે ભાભી અને નણંદ વચ્ચે કંઈ સારું નથી ચાલી રહ્યું. કોફી વિથ કરણમાં શ્વેતા બચ્ચને ઐશ્વર્યા રાય બચ્ચન વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. રેપિડ ફાયર રાઉન્ડ દરમિયાન જ્યારે કરણ જોહરે શ્વેતા બચ્ચનને પૂછ્યું કે ઐશ્વર્યા અને અભિષેકમાંથી સારો અભિનય કોણ કરે છે? જેના પર શ્વેતાના જવાબે બધાને ચોંકાવી દીધા હતા. શ્વેતાએ જવાબ આપ્યો કે 'અભિષેક ઐશ્વર્યા કરતાં સારો એક્ટર છે.' શ્વેતા બચ્ચનનો જવાબ સાંભળીને અભિષેક જ નહીં પરંતુ હોસ્ટ કરણ જોહર પણ આશ્ચર્યચકિત થઈ ગયો હતો. આ વીડિયો સામે આવ્યા બાદ ઐશ્વર્યા અને શ્વેતા બચ્ચન નંદાના સંબંધો પર ફરી પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થયા છે. કોફી વિથ કરણના એપિસોડમાં શ્વેતા સતત ભાઈ અભિષેકનો પક્ષ લેતી જોવા મળી હતી. આ સમય દરમિયાન જ્યારે કરણે શ્વેતાને પૂછ્યું કે તે અભિષેકની સૌથી ખરાબ આદત શું માને છે, તો શ્વેતાએ જવાબ આપ્યો - 'તેનું સેંસ ઓફ હ્યુમર'. પરંતુ જ્યારે આ જ સવાલ ઐશ્વર્યાને પૂછવામાં આવ્યો ત્યારે શ્વેતાએ કહ્યુ- 'ઐશ્વર્યાની એક આદત, જેનાથી હું ખરેખર નફરત કરું છું, તે એ છે કે તેને કોલ અથવા મેસેજનો જવાબ આપવામાં ઘણો સમય લાગે છે.' જોકે આ સાચું નથી. બાદમાં તેણે ભાભી ઐશ્વર્યાના પણ વખાણ કર્યા અને તેને 'સ્વ-નિર્મિત, મજબૂત મહિલા અને અદ્ભુત માતા' ગણાવી હતી. જો કે, લોકોને શ્વેતાના પહેલા જવાબો પસંદ આવ્યા ન હતા.



# અભિનેતા શાહરૂખની ફિલ્મએ કરી છપ્પરફાડ કમાણી

## પહેલાં દિવસની કમાણીની વાત કરીએ તો ફિલ્મએ ૩૫.૨૩ કરોડ રૂપિયા સાથે ઓપનિંગ કર્યુ હતુ, જ્યારે હવે લોકોની નજર આવનારા દિવસો પર ટકી ગઇ છે

। મુંબઈ, તા.૨૪ ।

રાજકુમાર હિરાનીની ફિલ્મ ડંકી સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે. ફિલ્મને ઓડિયન્સનો જોરદાર રિસ્પોન્સમમળી રહ્યો છે. ફિલ્મએ છપ્પરફાડ કમાણી કરી લીધી છે. શાહરુખની ડંકી મુવીની રાહ ફેન્સ ક્યારના જોઈ રહ્યા હતા. પઠાન અને જવાન પછી શાહરુખની આ ત્રીજી મોટી ફિલ્મ છે. આ વર્ષ શાહરુખના માટે જોરદાર રહ્યુ છે. કમાણીના મામલે વાત કરવામાં આવે તો પઠાન અને જવાન કરતા હાલમાં પાછળ ચાલી રહી છે, પરંતુ આંકડો વધી શકે છે. પહેલાં દિવસની કમાણીની વાત કરીએ તો ફિલ્મએ ૩૫.૨૩ કરોડ રૂપિયા સાથે ઓપનિંગ કર્યુ હતુ. જ્યારે હવે લોકોની નજર આવનારા દિવસો પર ટકી ગઈ છે. બીજા દિવસના કલેક્શનની વાત કરીએ તો શાહરુખની ડંકી મુવીએ શાનદાર પ્રદર્શન કર્યુ છે. ફિલ્મએ બીજા દિવસે બોક્સ ઓફિસ પર ૩૦ થી ૩૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે જે પહેલા દિવસની તુલના કરતા ઓછી છે. હવે જોવાનું રહ્યુ કે શનિવાર અને રવિવારના દિવસોમાં ફિલ્મ કમાલ કરી શકે છે કે નહીં. સામાન્ય રીતે વિકેન્ડના દિવસોમાં કમાણીનો આંકડો અપ જતો હોય છે. પ ઠાને બીજા દિવસે ૭૦ કરોડ જ્યારે જવાન મુવીએ ૫૩ કરોડનું કલેક્શન કર્યુ હતુ. ડંકીના ડાયરેક્ટર રાજકુમાર હિરાનીએ મુન્નાભાઈ સ્મ્મ્જી, પીકે અને થ્રી ઈડિયટ્સ જેવી બ્લોકબસ્ટર ફિલ્મો બનાવવા માટે જાણીતા છે.

ડંકીમાં શાહરુખ ખાન સિવાય તાપસી પન્નુ, વિક્કી કૌશલ, બોમન ઈરાની, સતીષ શાહ અને વિક્રમ કોચર જોવા મળશે. ફિલ્મ ૧૨૦ કરોડના બજેટમાં બનેલી છે. સુપરસ્ટાર શાહરુખ ખાન અને રાજકુમાર હિરાની પહેલીવાર એક સાથે કામ કરી રહ્યા છે. બન્ને સિતારા પોતાના ક્ષેત્રમાં ટોપ પર છે. જ્યારે બન્નેનું સાથે આવવુ એ આ ફિલ્મને ખાસ બનાવે છે. રાજકુમાર હિરાનીની આ ફિલ્મમાં તમને કોમેડી અને ઈમોશન્સ એમ બન્ને જોવા મળશે. આટલું જ નહીં ડંકી મુવીનું સંગીત પણ ફેન્સનું દિલ જીતી રહ્યું છે. આ મુવીના સોન્ગ પર યુટ્યૂબ પર ધમાલ મચાવે છે. આખરે શાહરુખ ખાનના ફિલ્મનો શો સવાર-સવારમાં કેમ રાખવામાં આવ્યો? આ પાછળનું કારણ શું છે? આ સવાલ દરેક લોકોના મનમાં થાય છે.

આમ, તમને જણાવી દઈએ કે ફેન્સની સ્પેશિયલ ડિમાન્ડ પર આ શો રાખવામાં આવ્યો છે. શાહરુખ ખાનની મોટાભાગની ગાડીઓના નંબર ૫૫૫ છે. એવામાં ફેન્સ ઈચ્છે કે પહેલો શો આ વખતે આ સમયે રાખવામાં આવે. ફિલ્મના મેકર રાજ કુમારે હિરાનીએ ફેન્સની ડિમાન્ડ પૂરી કરવા માટે સવારમાં ૫.૫૫ વાગ્યાનો શો રાખ્યો છે. ફિલ્મ 'ડંકી' હિટ થતાની સાથે શાહરુખ ખાન આ વર્ષે હેટ્રિક લગાવી દેશે. એવામાં શાહરુખ ખાનનું આ વર્ષ સૌથી સારામાં સારું સાબિત થયુ. આ પહેલાં પઠાન અને જવાન મુવીએ પણ છપ્પરફાડ કમાણી કરી છે.

# ધાન્ય લક્ષ્મી આપણી પ્રગતિ, વિકાસ અને નવીકરણ શક્તિના પ્રતીક છે



લક્ષ્મી ‘દેવી’ને મંગલકારી અને શુકનવંતું ચિહ્ન માનવામાં આવે છે. સત શાસ્ત્રોમાં લક્ષ્મીને લક્ષ્ય પ્રાપ્તિ માટેનો શક્તિનું પ્રતીક પણ કહ્યું છે. સાથે સાથે આ દેવીની કૃપા થાય ત્યારે વ્યક્તિના નસીબ સુધરી જાય છે અને તે સમૃદ્ધિ, સફળતા અને આનંદ સુખને પામે છે. માટે જ લક્ષ્મી દેવીની કૃપા મેળવવા બધા જ ઉત્સુક હોય છે. પણ લક્ષ્મી દેવીને પ્રસન્ન કરવા અથવા એ આત્મશક્તિને સિદ્ધ કરવાનું વિજ્ઞાન આપણે જાણીએ છીએ ખરા?

ફિલસૂફીમાં લક્ષ્મીના ‘૮’ પ્રકાર વર્ણવામાં આવ્યા છે. (૧) આધ્યાત્મિકતા (૨) અન્ન-ફળદ્રુપતા (૩) વીરતા (૪) જ્ઞાન (૫) વૈભવતા (૬) કાર્યસિદ્ધિ (૭) સંતતિ (૮) ભૌતિક ધન માટે માનસિકતા

આના આઠ પ્રકારને આત્મિક શક્તિના લક્ષણો પણ કહી શકાય છે જેના દ્વારા કોઈ પણ જીવ પોતાના જીવનને સાર્થક કરીને પોતાના અસ્તિત્વને ઉત્તમ કક્ષાએ લઈ જઈ શકે છે. આધ્યાત્મિક પરંપરાઓમાં જીવ ઉત્ક્રાંતિ માટેના અનેરા સિદ્ધાંતો ગૂંથવામાં આવ્યા છે. ખાસ કરીને આપણા ભારત દેશમાં, જ્યાં આત્મ-વિજ્ઞાનનો ખજાનો છે ત્યાં સ્વ ઉ-ક્રાંતિ માટે અનેક દર્શનશાસ્ત્રો હાજર છે. શાસ્ત્રોમાં રેખાંકિત જ્ઞાનને અનેક રીતે ઉપયોગમાં લઈ શકાય છે. કોઈ સત શ્રદ્ધાથી એ જ્ઞાનને સિદ્ધ કરે છે અને કોઈ એના વિજ્ઞાનથી. વર્તમાન કાળમાં વિજ્ઞાનની બોલબાલા છે. આજની પ્રજાને પ્રત્યેક પરંપરામાં કારણ-સમજણ અને પછી અનુકરણનો આગ્રહ હોય છે. લક્ષ્મી-શક્તિની ઉપાસના માટે પણ આપણે થોડું વિજ્ઞાન વાપરીએ તો કેમ રહેશેપ?



આપણે ચર્ચા કરી રહ્યા છીએ કે બાળકોમાં ડિપ્રેશન હોઈ શકે છે અને તેનાં કારણો શું હોઈ શકે. આ ચર્ચાને જ આગળ ધપાવતાં એ જાણવું પણ મહત્ત્વનું છે કે કેવી રીતે જાણી શકાય કે બાળક ડિપ્રેશનમાં છે. બાળકો સ્વભાવે ચંચળ જ હોય છે તે સહુ જાણે છે. નાનું બાળક જલદીથી ખુશ પણ થઈ જાય છે અને નારાજ પણ, તેથી ઘણી વાર તેનામાં આવેલા પરિવર્તનને ઓળખવામાં માતા-પિતા પણ થાપ ખાઈ જતાં હોય છે. જાણીએ કેટલાંક લક્ષણો જે આપણને એ વાત તરફ ઈશારો કરી શકે કે બાળક ડિપ્રેશનનો શિકાર છે. ડિપ્રેશન સાથે તે બાળક વિધાર્થીની લડાઈ તેમની આસપાસની વ્યકિતઓની નજરમાં સ્પષ્ટ રીતે કદાચ ન આવે. તેમને તેમની નજીકની વ્યકિતઓથી દૂર કરી શકે છે. આમાં મિત્રો અને શિક્ષકો પણ સામેલ હોઈ શકે છે, જેઓ ઘણીવાર સમસ્યાઓની નોંધ લેનારા પ્રથમ લોકોમાં હોય છે, કારણ કે વિધાથીઓ તેમનો મોટા ભાગે સામેલ હોય છે. ઝો તેમને સમજણ હોત તો તે લોકો હોશિયાર હોત ને પણ તો પોતે જ છેતરાઈને આવી ગયા. બાળક અચેનક ખાવા-પીવાનું ટાળવા લાગે , અનિચ્ચા વ્યક્ત કરે અથવા નિયમિત કરતાં ઓછું ખાય. ક્યારેક ઊંધુ પણ થાય કે અચાનક નિયમિત કરતાં વધારે પડતું ખાય.

### લવિંગ કેરી લાકડીએ આપણે રોગોને ભગાડ્યા જો

# ‘ફૂલ કેરે દડુલિયે સીતાએ વેર વાળ્યાં જો’, ‘લંકાની લાડી અને ઘોઘાનો વર’ ફિલ્મમાં આ ગીત લેવામાં આવ્યું હતું



લવિંગ તો દરેક રસોડામાં ઉપલબ્ધ એવો મસાલો છે. દાંતનો દુખાવો હોય કે શરદી, લવિંગનો ઉપયોગ આદિકાળથી મનુષ્ય કરતો આવ્યો છે. લવિંગ એ મિર્ટેસી કુળના સાયઝિજિયમ એરોમેટિકમ નામના સુગંધી વૃક્ષની સુકાવેલી કળીઓ છે. હા, લવિંગ ફૂલ નથી કે મસાલો નથી પણ કળી છે જેને ગરમ મસાલામાં વાપરવામાં આવે છે. લવિંગ ઈન્ડોનેશિયાના માલુકુ દ્વીપના વતની છે. સાંપ્રત સમયમાં ઈન્ડોનેશિયા, ભારત, માડાગાસ્કર, ઝાંઝીબાર, પાકિસ્તાન અને શ્રીલંકામાં તેની ખેતી કરવામાં આવે છે. લવિંગ મોઢાના કોષ પર કામચલાઉ મુઢતા ઉત્પન્ન કરે છે. માટે જ દાંતના દુખાવા વખતે વડીલો લવિંગ દાંત નીચે દબાવવાનું કહેતા. પણ ડેન્ટિસ્ટ લવિંગ વાપરવાની ના પાડે છે.

ડેન્ટિસ્ટ દાંતના દુ:ખાવા માટે લવિંગ વાપરવાની ભલે ના પાડે પણ લવિંગ બહુ રસપ્રદ કળી છે. લવિંગના ફાયદા જાણીએ તે પહેલાં લવિંગની લાક્ષણિકતાઓ જાણીએ. લવિંગનું વૃક્ષ એક સદાહરિત વૃક્ષ છે. તે ૮-૧૨ મીટર જેટલું ઊંચું વધે છે. આના પાન મોટાં હોય છે અને ફૂલો સેંગવિન હોય છે એટલે કે ડાળીને છેવાડે ગુચ્છામાં ઊગે છે. આની કળીઓ શરૂઆતમાં ફિક્કા રંગની હોય છે વખત જતાં તે લીલા રંગની બને છે, ત્યાર બાદ તે ઘેરો રાતો રંગ પકડે છે અને તેને ઝાડ પરથી ઉતારી લેવાય છે. જ્યારે કળીની લંબાઈ ૧.૫થી ૨ સેમી. જેવડી થાય છે ત્યારે લવિંગને ઉતારવામાં આવે છે. આની દાંડીને છેવાડે ચાર બાજુએ લંબાતા વજપત્ર હોય છે અને ચાર ખુલ્યા વગરની પાંખડી હોય છે જે કેંદ્રમાં મોટા દાણા સ્વરૂપે હોય છે. એ કઠણ થાય એટલે તેને ઉતારી લેવામાં આવે છે.

લવિંગના ઘણા સ્વરૂપો છે. જેમ કે, લવિંગની કળીઓ- આ ડાળી જેવી દેખાતી લવિંગની કળીઓ હોય છે. જેમાં સામસામે શાખા વિકસે છે. બહારથી રાતો રંગે કથ્થઈ રંગની અને ખરબચડી સૂકી સપાટી ધરાવે છે. એક બીજો પ્રકાર છે જે છે માદા લવિંગ- આ લવિંગના પાકેલા ફળો હોય છે. તે નાનકડા, લંબગોળ, એકબીજી ફળો હોય છે. એકબીજી એટલે એક જ બીજ ધરાવતા ફળો. ત્રીજો પ્રકાર છે કથ્થાઈ લવિંગ જેમાં ખીલેલી લવિંગની કળી હોય છે પણ તેના કોરોલા અને સ્ટેમ કાઢી નાખવામાં આવે છે. લવિંગનો કુચો પણ ઉપયોગી છે જે તેલ કાઢી લીધા પછી બચે છે.

# મસલ ડીસ્મોર્ફિયા : છોકરાઓમાં મસલ-બિલ્ડિંગનું વધતું વળગણઃ શારીરિક અને માનસિક બીમારી



છોકરાઓ દસેક વરસની ઉંમરના થાય ત્યાં સુધી તે લોકોએ હલ્કની ફિલ્મો જોઈ લીધી હોય, કેપ્ટન અમેરિકા જોઈ લીધું હોય અને બોક્સિંગ મેચ પણ જોઈ લીધી હોય. માર્વેલના એક્શન હીરો અને બીજા બધા બોડી બિલ્ડરના ફૂલેલા પણ મસ્ક્યુલર બોડી જોયા હોય. શાહરૂખ કે સોનું સુદના સિક્સ પેક એબ વાળું બોડી જોયું હોય અને છોકરીઓને તેની પાછળ ગાંડી થતી જોઈ હોય. છોકરાઓ કિશોરાવસ્થામાં પહોંચે ત્યાં તેમના દિમાગમાં હીરો એટલે સીક્સ પેક એબ વાળો બોડી બિલ્ડર એવી જ ઈમેજ બંધાઈ ગઈ હોય.

હવે ચારેબાજુ આવા જ બોડી બિલ્ડરો જોઈને છોકરાઓના મનમાં નાની ઉંમરથી એક સવાલ ઉઠતો હોય કે હું આવો ક્યારે દેખાઈશ? મારું બોડી આવું ક્યારે થશે? આ લોકો પાસે તો ખૂબ પૈસા અને ટ્રેનર હોય, મારી પાસે તો ન હોય તો મારો દેખાવ આવા હીરોલોગ જેવો ક્યારે થશે? ટીનેજ છોકરાઓના મનમાં એક કોમ્પલેક્ષ આકાર લેવા માંડે અને તે નકારાત્મક વિચારો તરફ તેને ધકેલે. તેની અસર તેના ડેઈલી રૂટિન ઉપર પડે અને ભણવામાં પણ ખોટો પ્રભાવ પડે. આ જે માનસિક અને શારીરિક નકારાત્મક અસર થાય તેને બોડી ડીસ્મોર્ફિયા કહેવાય. વધુ પ્રોપર નામ છે મસલ ડીસ્મોર્ફિયા.જે ટિનેજ છોકરો મસલ ડીસ્મોર્ફિયાની અસર નીચે હોય એને પાતળો બાંધો અને સ્નાયુબદ્ધ શરીરની ઘેલછા હોય. આ ઘેલછા તેના વાણી, વર્તન, વ્યવહારમાં આડઅસર ઊભી કરે. તેનું મગજ ધીમે ધીમે બદલાતું જાય. તેની જિંદગીનો અગ્રતાક્રમ ખોરવાઈ જાય. તેનો સ્વભાવ ચીડિયો પણ થઈ શકે. આવી વ્યક્તિઓ આગળ જતાં વધુને વધુ સ્વકેન્દ્રી બની જાય. સર્વેક્ષણના આંકડા મુજબ ચોથા ભાગના છોકરાઓ અને પુરુષો બોડી બિલ્ડિંગની કોઈને કોઈ પ્રવૃત્તિમાં સંકળાયેલા હોય છે. અમેરિકામાં સાઠ ટકા છોકરાઓએ કબૂલ્યું કે સારું શરીર મેળવવા અમે અમારી રીતે જ ખોરાકમાં ફેરફાર કરીએ છીએ.

બોસ્ટન ચિલ્ડ્રન યુનિવર્સિટીના ડૉકટર ગેબ્રિયલ વર્ગાસે એક વેબસાઈટમાં આવું કહ્યું છે.

# સર્વ દુ:ખોના અંત માટે આદી લક્ષ્મીની સાધના!

આપણે લક્ષ્મી દેવીની વાત કરી રહ્યા છીએ. આપણી સાંસ્કૃતિક પરંપરાઓના રહસ્યો ઉકેલવાની કોશિશ કરી રહ્યા છીએ. લક્ષ્મીદેવીના બાહ્ય સ્વરૂપમાં બીરાજમાન એક દિવ્ય શક્તિને પરખવાની ચેષ્ટા કરી રહ્યા છીએ. આ દિવ્ય શક્તિ આપણી જ આત્મ શક્તિ છે એ પ્રતીતિ થયા વિના રહેશે નહીં. મનુષ્યના સંપૂર્ણ વિકાસ માટે અને એની સુશુપ્ત શક્તિઓ અને આત્મગુણોને ઉજાગર કરવાનો વિજ્ઞાન એટલે અધ્યાત્મ વિજ્ઞાન. આધ્યાત્મિક શાસ્ત્રોમાં સ્વ. ઉત્ક્રાંતિના વિધાનોને પીરસવાની એક વિરલ અને અનોખી રીત છે. દેવી સ્વરૂપમાં અને મંત્રોની ઊર્જામાં ગૂઢ રહસ્યો સમાયેલા છે. જે પણ સાધક આ શક્તિઓને ઓળખવામાં સફળ થાય છે તેને આ બ્રહ્મના રહસ્યો સમજવામાં વાર નહીં લાગે. સાથે સાથે પોતાના શુદ્ધ સ્વરૂપને પણ તે જાણી શકે છે અને પોતાના અસ્તિત્વને સાર્થક કરવાનો લક્ષ્ય સાધી શકે છે. ‘લક્ષ્મી’ શબ્દમાં ‘લક્ષ’ રૂપી બીજ સમાયેલો છે. લક્ષને સાધવાની શક્તિ એ જ લક્ષ્મી શક્તિ છે એ સૂચન કરી રહી છે. આધ્યાત્મિપરિભાષામાં લક્ષને બે રીતે સમજી શકાય છે. આ શબ્દનો સાધારણ અર્થઘટન એટલે ધ્યેય, ઉદ્દેશ્ય અથવા હેતુથી થાય છે, પણ આ શબ્દ એક વિશેષ અર્થને પ્રકાશિત કરે છે. ‘લક્ષ’ એટલે જાણવાની અને સમજવાની એક વિશેષ શક્તિ. જો સમજણ શક્તિ ના હોય તો મનુષ્ય પોતાના ધ્યેય અને ઉદ્દેશ્યને કેમ જાણી શકે? ખરેખર જોવા જઈએ તો મનુષ્યના ભૌતિક અથવા આધ્યાત્મિક ઉદ્દેશ્યને સિદ્ધ કરવા એની ‘સમજણ’ શક્તિ વિકસિત હોય તે અનિવાર્ય છે. સમજણનો અજ્ઞાન હોય ત્યારે જ અંધ-શ્રદ્ધા અને મિથ્યાત્વ વધે છે. લક્ષ્મી દેવીના ‘આશીર્વાદ’ થકી ‘સમજણ-શક્તિ’ રૂપી અમૂલ્ય ધન પ્રાપ્ત થાય છે જે મનુષ્યને જીવન જીવવાની સાચી દિશા આપે છે. લક્ષ્મી દેવીનું મૌલિક સ્વરૂપ એટલે આદી લક્ષ્મી તેઓ સુવર્ણ જવેરાતથી અલંકૃત હોય છે અને સુંદર વસ્ત્રોથી સુશોભિત દેખાય છે. ગુલાબી કમળ પર બિરાજમાન સ્વરૂપને ચાર હાથ સાથે દર્શાવામાં આવ્યા છે. એક હાથ અક્ષય મુદ્રા ધારી હોય છે, એક હાથ વરદ મુદ્રામાં સ્થિત હોય છે. ત્રીજા હાથમાં કમળ છે અને ચોથા હાથમાં ધર્મ ધજા ફરકતી દેખાય છે. લક્ષ્મી દેવીનો આ દિવ્ય સ્વરૂપ એક અદ્ભુત સંદેશો આપતી જણાય છે. એક હાથ શૌર્યવાન થવા માટે પ્રેરણા આપે છે અને બીજો હાથ સેવા-કૃપાની ભાવનાનું પ્રતીક જણાય છે. ત્રીજો હાથ કમળની જેમ શુદ્ધતા કેળવવા માટે, ચોથો હાથ ધર્મ માર્ગે આગળ વધવા માટે પ્રાણ પૂરતી કરાવે છે. આદી લક્ષ્મીને મોક્ષ-પ્રદાની દેવી પણ કહ્યું છે. તે મુક્તિ સમીપે લઈ જનારી શક્તિ છે. દુ:ખોથી મુક્ત કરાવનાર અને પરમ સુખ પ્રદાન કરાવનાર આદી-શક્તિ છે. એક ઊડતા પક્ષીને નીચે પડવાનો ભય હોતો નથી, કારણ કે એને પાંખો પર ભરોસો હોય છે એવી જ રીતે મનુષ્યને ઊંચી ઉડાન માટે સાચું જ્ઞાન અને પરમ પુરુષાર્થ પર શ્રદ્ધા રાખવી પડે છે. આદી લક્ષ્મી સ્વરૂપે આત્મશક્તિને સિદ્ધ કરવા માટે એક સરળ અને અનોખું વિજ્ઞાન ઉપલબ્ધ છે. એ દિવ્ય વિજ્ઞાન એટલે આદી શક્તિને ‘સમર્પિત’ થવાનો પ્રકલ્પ. ફીલ સુફીના પાનાઓમાં સમર્પણ-ભાવનાની કેળવણીનું અનેરું સ્થાન છે જ્યારે કોઈ વ્યક્તિ પોતાની ઈચ્છાઓ, ઉદ્દેશ્ય અને અભિપ્રાયોને બાજુમાં મૂકીને પરમ શક્તિના શરણે જાય છે.

## પર્યાવરણની તબિયત સુધારે છે વાંસ



વાંસ ધરતીમાં સૌથી મોટો કુદરતી વાયુશોધક છે. ભલે મૂળરૂપે તે એક ઘાસનો છોડ ગણાતો હોય, પણ પોતાની કઠોર સંરચનાને કારણે તે ઝાડ હોવાનો આદર મેળવે છે. વાંસની અનેક પ્રજાતિઓની લાકડી એટલી કઠોર હોય છે કે તેનાં પર કુહાડી મારવામાં આવે તો કુહાડીની ધાર બુઠ્ઠી થઈ જાય છે. વાંસ લગભગ એક સમૂહમાં જ જોવા મળે છે અને તેની ગણતરી પણ એ જ રીતે થાય છે. જેને અમુક જગ્યાએ ‘વાંસની કોઠી’ પણ કહેવામાં આવે છે.

સામાન્યપણે વાંસની એક કોઠીમાં ૨૦ થી ૨૫થી માંડીને અનેક સેંકડો સુધીના વાંસ હોય છે. વાંસની એક કોઠી જે લગભગ ૪૦-૫૦ વાંસથી મળીને બની હોય, વર્ષમાં ઓછામાં ઓછા ૭૦ ટન ઓક્સિજનનું ઉત્પાદન કરે છે અને દર વર્ષે ૮૦ ટન કાર્બન ડાયોક્સાઈડને શોષી લે છે. પોતાની ઓક્સિજન બનાવવાની ક્ષમતા અને કાર્બન ડાયોક્સાઈડ શોષવાની ક્ષમતાને કારણે જ વાંસ અત્યારે ‘ગ્લોબલ વૉર્મિંગ’ના યુગમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે.

ઓક્સિજન બનાવવાના આ વિશેષ ગુણને કારણે જ વાંસ પર્યાવરણનો સૌથી મોટો શુભચિંતક છે. સામાન્યપણે ૩૦ થી ૧૫૦ ફૂટ સુધી લાંબા અને પા ઈંચથી માંડીને એક ફૂટ સુધીની પહોળાઈ ધરાવનારા વાંસના ઝાડને જો કાપવામાં ન આવે તો એક પ્રાકૃતિકપણે લગભગ ૧૨૦ વર્ષ સુધી જીવિત રહે છે અને આખી ઉંમર દરમિયાન બીજાં ઝાડો અને ઝાડનાં સમુહના મુકાબલે ૩૫ ટકા સુધી વધુ ઓક્સિજન ઉપલબ્ધ કરાવે છે. વાંસ એક એવું ઝાડ કે વનસ્પતિ છે, જેની વૃદ્ધિ ચમત્કારિક રીતે થાય છે. ઘણી વાર તો એક દિવસમાં એક થી ૧.૨ મીટર સુધી વધી જાય છે. દુનિયામાં વાંસની જે પ્રજાતિ સૌથી વધારે ઝડપ થી વધે છે તે ઉષ્ણકટીબંધના વિશાળ વાંસ ડેન્ડ્રોક્લામસ એસ્પર છે. તેની વૃદ્ધિ બીજાં ઝાડ-છોડવાના મુકાબલે પરેશાન કરી મૂકે એવી હોય છે. વાંસનું વૈજ્ઞાનિક નામ બંબુસા વાલ્ગરીસ છે.

વાંસ સામાન્યપણે ગાઢ જંગલમાં ઊગે છે, જ્યાં નીચલા સ્તરે સૂર્યપ્રકાશ હોતો નથી. દરેક છોડવાને જીવિત રહેવા માટે સૂર્યના પ્રકાશની જરૂર હોય છે, કેમ કે સૂર્યના પ્રકાશની હાજરીમાં જ તેઓ પોતાના લીલાં પાંદડાંમાં રહેલાં ક્લોરોફિલ તથા પાણીની મદદથી ગ્લુકોઝ ઉત્પન્ન કરે છે. આ પ્રક્રિયામાં એ કાર્બન ડાયોક્સાઈડ શોષે છે અને ઓક્સિજન છોડે છે. ઝાડ-છોડવાની ભોજન બનાવવાની પ્રક્રિયાને પ્રકાશ સંશ્ર્લેષણ કહેવામાં આવે છે. દુનિયામાં વાંસનું સૌથી વધારે ઉત્પાદન ચીનમાં અને બીજા નંબરે ભારતમાં થાય છે. ભારતમાં દર વર્ષે લગભગ ૧.૩૫ કરોડ ટન વાંસનું ઉત્પાદન થાય છે.

# કાર ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરતી વખતે ધ્યાનમાં રાખો આ બાબતો




કાર ઈન્સ્યોરન્સ ક્લેઈમ લેવો ભલે આપણને ગમે એટલું સરળ લાગે, પરંતુ હકીકતમાં તો આ કામ એક થકવી નાખનારી પ્રક્રિયા બની શકે છે. ઈન્શ્યોરન્સના ક્લેઈમના પૈસા મેળવવા એ કંઈ એટલું સરળ કામ નથી. જોકે, ક્લેઈમ દાખલ કરતા પહેલાં, તમે પૂરતી માહિતી લઈ લો અને પુષ્ટિ કરેલી વિગતો સાથે તમારો ક્લેઈમ તૈયાર કરો છો તો તમારો ક્લેઈમ ઝડપથી પાસ થઈ શકે છે. ઘણી વખત એવું જોવા મળે છે કે કાર વીમાનો દાવો કર્યા પછી, વીમા કંપની કેટલીક ત્રુટિઓને કારણે ક્લેઈમ રિજેક્ટ કરી નાખે છે અને અંદરખાને તો દરેક વ્યક્તિ એવું જ ઈચ્છતી હોય છે કે તેનો ક્લેઈમ રિજેક્ટ ન કરવામાં આવે.

હવે આ બધા વચ્ચે લાખ રૂપિયાનો સવાલ એ છે કે આખરે વીમાનો ક્લેઈમ કરવાની સાચી રીત કઈ છે? એવું શું કરવું જોઈએ કે જેથી કરીને તમને તમારા ક્લેઈમની પૂરેપૂરી રકમ મળે અને ક્લેઈમ રિજેક્ટ ન કરવામાં આવે. આજે આપણે અહીં આ વિશે જ વાત કરીશું કે એવા કયા પાંચ મુદ્દાઓ છે કે જેને ધ્યાનમાં રાખીને તમે તમારો ક્લેઈમ પાસ કરાવી શકો છો.

ફોર વ્હીલર વીમાના દાવાઓ નકારવામાં આવે તે સામાન્ય બાબત છે. ઘણા લોકોએ આ વાતનો અનુભવ કર્યો હશે. જો કે, તમારું ક્લેમ ફોર્મ ભરતા પહેલા આ પાંચ બાબતોને ધ્યાનમાં રાખો. હોન્ડા અથવા મારુતિ વીમા દાવો ફાઈલ કરતા પહેલા આ મુદ્દાઓને અનુસરો.

એફઆઈઆર રજિસ્ટર્ડ કરાવો સૌથી પહેલાં તો કાર ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરતાં પહેલાં પોલીસમાં એફઆઈઆર નોંધાવી લો. તમારી કારને કેટલું નુકસાન થયું છે એ ધ્યાનમાં લીધા વિના, ક્લેંઈ દાખલ કરીને તમારા ક્લેઈમ વેરિફાઈ થાય છે. એની સાથે સાથે જ કાયદાકીય કાર્યવાહીની સાથે જરૂરી પુરાવા પણ એકઠા કરવામાં આવે છે.

કેટલીક વીમા કંપનીઓ કાર અકસ્માત, ચોરી, જાન-માલની ખોટ વગેરે માટે FIRની માંગણી કરે છે. બીજી બાજું, એફઆઈઆરની નકલ આપવાથી દાવો મજબૂત થાય છે.

ઈન્શ્યોરન્સ કંપનીને આપો પૂરેપૂરી માહિતી જી હા, ઈન્શ્યોરન્સ કંપનીને પૂરેપૂરી સાચી માહિતી આપવી ખૂબ જ જરૂરી છે. જો તમે કોઈપણ માહિતી છુપાવો છો, તો તમારે પછીથી તમારે રિજેક્શનનનો સામનો કરવો પડી શકે છે. આ જ તાકણે ક્લેઈમ સાથે, વીમા પોલિસીના દસ્તાવેજો, કારનું નોંધણી પ્રમાણપત્ર (RC), ડ્રાઈવિંગ લાઈસન્સ, ક્લેંઈની નકલ પણ જોડો.

ક્લેઈમ માટેના ફોર્મમાં હંમેશા સાચી અને સચોટ માહિતી ભરવી જોઈએ. દાવાની ફોર્મ પ્રમાણિકતાથી ભરો અને ખાતરી કરો કે ફોર્મમાં તમારાથી કોઈ ભૂલ નથી કરી. એમાં પણ ખાસ કરીને સ્પેલિંગ કે ટાઈપિંગમાં કોઈ ભૂલ ન થાય એનું ખાસ ધ્યાન રાખો. નામ, પોલિસી નંબર, કાર રજીસ્ટ્રેશન નંબર અને અન્ય વિગતો સારી રીતે તપાસો.

કાર ઈન્શ્યોરન્સ પોલિસીના નિયમો અને શરતો વાંચવી ખૂબ જ જરૂરી છે. જો તમે પોલિસી સંબંધિત બાબતોને સારી રીતે વાંચીને, તમે કવરેજ અને દાવાની પ્રક્રિયા વિશે પૂરેપૂરી માહિતી મેળવી લો છો.

# હલકાફૂલકા મમરામાં છે રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાના ગુણો

આયુર્વેદમાં ચોખાને શ્રેષ્ઠ ધાન્ય કહેવામાં આવ્યા છે. આ ચોખાનો ઉપયોગ પુરાણકાળથી થઈ રહ્યો છે. માતા પાર્વતી અને સીતામૈયાએ ખીર બનાવીને ખવડાવી એવા અનેક પ્રસંગોનું વર્ણન કથા-વાર્તાઓમાં છે તો દુર્યોધનના છપ્પન ભોગ ઠુકરાવી વિદુરજીના ઘરે ચોખા અને મગની બનેલી ખીચડી પણ શ્રીકૃષ્ણે પ્રેમથી આરોગી હતી. માત્ર ભોજન જ શું કામ પૂજા-પાઠ કે અન્ય ધાર્મિક વિધિઓમાં પણ પવિત્ર ગણાતા ચોખાનો ઉપયોગ થાય છે. કપાળે ચાંલ્લો કરાય તેની સાથે ચોખા પણ અચૂક ચોડવામાં આવે છે. ગુજરાતીઓનો પ્રિય ખોરાક એટલે દાળભાત. ઘણા નોનગુજ્જુ લોકો ગુજરાતીઓને પ્રેમથી દાળભાતખાઉ કહીને પણ બોલાવે છે. દાળ-ભાત અને ખીચડી પચવામાં હલકા છે. તેમાં થોડું ઘી ઉમેરીને ખાધા હોય તો શરીરને જોઈતા કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન્સ, ચરબી, વિટામિન્સ અને મિનરલ્સ મળી રહે છે. ચોખામાંથી મમરા અને પૌંઆ બને છે તેનો આપણે ત્યાં વ્યાપક પ્રમાણમાં નાસ્તા તરીકે ઉપયોગ થાય છે. કાલથી શાળાઓ



ખૂલી ગઈ છે ત્યારે તમારા છોકરાઓને જો નાસ્તામાં પૌષ્ટિક અને સુપાચ્ય ખોરાક આપવાનું વિચારતા હોવ તો મમરા અને પૌંઆમાંથી બનતી વાનગીઓ જરૂર બનાવજો. અત્રે પ્રસ્તુત છે મમરા અને પૌંઆનું મહત્ત્વ સમજાવતા બે લેખો ઉનાળામાં ભરપેટ ભોજન કરવાની ઈચ્છા પ્રત્યેક વ્યક્તિને ઓછી થતી હોય છે. હલકું-ફૂલકું, ઝટપટ અલ્પાહાર કરી લેવાનું ગમતું હોય છે. મમરા એક એવી જ વાનગી છે જે પેટ ભરવાની સાથે સ્વાદને તૃપ્ત કરે છે. નાની-મોટી પ્રત્યેક વ્યક્તિ મમરા ખાવાની શોખીન જ જોવા મળે છે. તેમાં પણ વળી સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ યુવાવર્ગ તો મમરાનો દીવાનો જોવા મળે છે. ચાલો, આજે ગુજરાતી ઘરોમાં પ્રતિદિન નાસ્તામાં અચૂક હાજરી પુરાવતાં મમરાના સ્વાસ્થ્યવર્ધક ગુણો વિશે જાણકારી મેળવી લઈએ. પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, આયર્ન, પોટેશિયમ, નિયાસિન, થાયમિન, તથા રાઈબોફ્લેવિન જેવા પોષક ગુણોનો ભંડાર મમરામાં સમાયેલો છે. સેવ-મમરા, ભેળપૂરી, બટાકા-મમરા, જેવી વાનગીની સાથે મમરાની ચિક્કી તથા મમરાના લાડુનો સ્વાદ મનભાવન હોય છે. વિવિધ પ્રકારના ચોખા જેમ કે બાસમતી, જિરાસર કે જાડા ચોખામાંથી બનતાં મમરાનો સ્વાદ પણ અલગ-અલગ જોવા મળે છે. દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશોમાં મમરાનો ઉપયોગ છૂટથી થતો જોવા મળતો. ૧૯૦૪ બાદ પશ્ર્ચિમી દેશોમાં મમરાનું ઉત્પાદન વેપારી ધોરણે થવા લાગ્યું. ચીનમાં મમરાને મિક્સિયાંગ, તાઈવાનમાં બીફાંગ, કોરિયામાં પેપોંગ ટ્વિગી, જાપાનમાં પોન ગશી તરીકે ઓળખવામાં આવે છે.

## ચંદ્રને મામા જ તેમ કહેવાય છે, કાકા, માસા કે ફૂઆ કેમ નહીં?



સવાલ ભલે થોડો અળવિતરો લાગે પણ છે એકદમ મુદ્દાનો. અત્યાર સુધી ભલે તમને આ સવાલ ના થયો હોય પણ હવે ચોક્કસ જ વાંચીને તમને પણ ઉત્સુક્તા તો થઈ જ હશે ને કે હા રે, ચાંદાને હંમેશા મામા તરીકે જ કેમ સંબોધવામાં આવે છે? કેમ આપણે તેને માસા, કાકા, ભાઈ કે ફૂઆ તરીકે નથી સંબોધતા? થોડા ફ્લેશબેકમાં જઈએ અને બાળપણમાં જઈએ તો અત્યાર સુધી ચંદ્રને લગતી બધી વાર્તાઓ કે કવિતાઓમાં તેને મામા તરીકે દર્શાવવામાં આવ્યો છે. ચંદામામા દૂર કે હોય કે પછી ચંદામામા કી બારાત હોયપ પરંતુ શું તમે ક્યારેય તમને સવાલ થયો છે કે શા માટે દરેક વખતે ચંદ્રને મામા જ બનાવવામાં આવે છે. તેને કાકા, માસા કે ફુઆ કેમ નથી બનાવાતા. ચાલો, આજે આપણે આ પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરીશું. ચંદાના મામા બનવા પાછળ કોઈ એક વાર્તા નથી, પરંતુ તેની પાછળ ધાર્મિક, પૌરાણિક અને ભૌગોલિક કારણો પણ જવાબદાર છે. ધાર્મિક દ્દષ્ટિકોણથી જોઈએ અને વાત કરીએ તો ચંદ્રને મા લક્ષ્મીનો ભાઈ માનવામાં આવે છે અને આપણે બધા જ મા લક્ષ્મીને માતા માનીએ છીએ એટલે માતાના ભાઈને આપણે મામા કહીને જ બોલાવીએ છીએ ને? હવે આગળ વધીએ અને વાત કરીએ બીજા કારણ વિશે તો આ કારણ ભૌગોલિક છે. આ ભૌગોલિક કારણ અનુસાર ચંદ્ર એ પૃથ્વીનો એકમાત્ર ઉપગ્રહ છે અને તે પૃથ્વીની આસપાસ ફરે છે. આ દ્દષ્ટિકોણથી ભાઈ અને બહેનના સંબંધને જોઈએ તો ભાઈ પણ તેની બહેનની આગળ પાછળ ફરે છે. આવી પરિસ્થિતિમાં ચંદ્રની પૃથ્વીની આસપાસ ફરવાની વૃત્તિ ભાઈ-બહેનના સંબંધ સાથે જોડવામાં આવે છે અને આપણે પૃથ્વીને માતા કહીએ છીએ એટલે આ કારણે પણ આપણે ચંદ્રને મામા કહેતા થઈ ગયા છીએ.

## રાજકારણમાં પક્ષ પલટાથી લઈ જોડ તોડની રાજનીતિ ફરી એકવાર શરૂ

। ગાંધીનગર, તા.૨૪ ।

લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતના રાજકારણમાં પક્ષ પલટાથી લઈ જોડ તોડની રાજનીતિ ફરી એકવાર શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટીમાં જોડ તોડનો અભિયાન પૂર જોશમાં ચાલી રહ્યો છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ધારાસભ્યએ રાજીનામું આપી દીધું છે. આ બન્ને ભાજપમાં જોડાય તેવી અટકળો છે ત્યાં વધુ એક મોટા નેતા ભાજપમાં જોડાય તેવી ચર્ચાઓ શરૂ થઈ છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય નિરંજન પટેલ ભાજપમાં જોડાય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. આણંદના પેટલાદના પૂર્વ ધારાસભ્યને ભાજપમાં લાવવાનો તખ્તો પણ તૈયાર કરી લેવાયો હોવાની ચર્ચા છે. શુક્રવારે પેટલાદની મુલાકાતે ગયેલા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે નિરંજન પટેલની મુલાકાત થઈ હતી. જે મુલાકાત બાદ નિરંજન પટેલની ભાજપ માં જોડાવવાની અટકળો વધુ તેજ થઈ ગઈ છે. ગત ચૂંટણીમાં ટિકિટ કપાતા કોંગ્રેસમાંથી નિરંજન પટેલે રાજીનામુ આપ્યું હતું. નિરંજન પટેલ કોણ છે તેના વિશે જાણીએ તો નિરંજન પટેલ ૬ વખત પેટલાદના ધારાસભ્ય રહ્યા. વર્ષ ૧૯૯૦, ૧૯૯૫, ૧૯૯૮માં ધારાસભ્ય બન્યા, ૨૦૦૨ની ચૂંટણીમાં પરાજય થયો, ૨૦૦૭,૨૦૧૨ અને ૨૦૧૭માં જીતની હેટ્રિક મારી, મધ્ય ગુજરાતમાં મોટો પાટીદાર ચહેરો, ૨૦૨૨ની ચૂંટણીમાં કોંગ્રેસે ટિકીટ ન આપતાં રાજીનામું આપ્યું, ૨૦૨૨ની ચૂંટણીમાં કોંગ્રેસે પેટલાદ બેઠક ગુમાવી, પેટલાદ બેઠક પર નિરંજન પટેલનું મોટું વર્ચસ્વ છે. નિરંજન પટેલ ભાજપમાં જોડાય તેવી અટકળો છે પરંતુ નિરંજન પટેલ આ મામલે ખુલ્લીને કંઈ બોલાવા તૈયાર નથી.

### ૨૦૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દાનમાં આપ્યા

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ IIT બોમ્બેને દાનમાં આપ્યા ૫૭ કરોડ રૂપિયા

### ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી બોમ્બેની ૧૯૯૮ની બેચે સંસ્થાને કરોડો રૂપિયાનું દાન આપ્યું

। મુંબઈ, તા.૨૪ ।

એવું કહેવાય છે કે શિક્ષણમાં નાણાંનું રોકાણ એક એવું રોકાણ છે જે તમને જીવનભર લાભ આપે છે. જો તમે તમારા અભ્યાસમાં વધુ સારું રોકાણ કરશો તો તમારું ભવિષ્ય ખૂબ જ ઉજ્જ્વળ છે. શિક્ષણ એ એક એવું માધ્યમ છે કે જેના દ્વારા તમે માત્ર તમારું જીવન જ સુધારી શકતા નથી પણ અન્ય લોકો માટે મદદનો હાથ લંબાવવાની ક્ષમતા પણ ધરાવો છો. આવું જ એક ઉદાહરણ IIT બોમ્બેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે.



તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) બોમ્બેએ તેના સિલ્વર જ્યુબિલી રિયુનિયનની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરી હતી. આ સિલ્વર જ્યુબિલી રિયુનિયન સેલિબ્રેશનમાં IIT બોમ્બેની વર્ષ ૧૯૯૮ બેચે તેના 'આલ્મા મેટર' માં રૂ. ૫૫ કરોડથી વધુનું યોગદાન આપ્યું છે. IIT બોમ્બેમાં આ યોગદાન ૨૦૦ થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવ્યું હતું. આ યોગદાનમાં મુખ્ય ફાળો આપનારા ટોચના વૈશ્વિક એક્ઝિક્યુટિવ્સ પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ સિલ્વર લેકના મેનેજિંગ ડિરેક્ટર અપૂર્વા સક્સેના,પીક ઠફના મેનેજિંગ ડિરેક્ટર શૈલેન્દ્ર સિંહ, વેક્ટર કેપિટલના એમડી અનુપમ બેનર્જી, છૈં રિસર્સના દિલીપ જોર્જ, ગુગલ ડીપમાઈન્ડ, ગ્રેટ લર્નિગના સીઈઓ મોહન લકહમરાજૂસ , કોલોપાસ્ટ એસવીપી મનુ વર્મા, સિલિકોન વેલીના ઉદ્યોગસાહસિક સુંદર ઐયર, ઈન્ડોવન્સના કો-ફાઉન્ડર અને ઝઈ સંદીપ જોશી અને અમેરિકાના એચસીએલના મુખ્ય વિકાસ અધિકારી શ્રીકાંત શેટ્ટી તરફથી આપવામાં આવ્યા છે.

IIT બોમ્બેના ડાયરેક્ટર સુભાસીસ ચૌધરીએ જણાવ્યું હતું કે, "૧૯૯૮ના વર્ગના યોગદાનથી IIT બોમ્બેના વિકાસને વેગ મળશે અને શ્રેષ્ઠતાના અમારા સહિયારા વિઝનમાં યોગદાન મળશે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા એકત્ર કરાયેલ ભંડોળ IIT બોમ્બેને મોટા શૈક્ષણિક પ્રોજેક્ટ માટે ભંડોળ પૂરું પાડવા સક્ષમ બનાવશે. અને "સંશોધન દશ્યને સમર્થન આપવામાં મદદ કરશે." સુભાસીસ ચૌધરીએ જણાવ્યું હતું કે, "સામૂહિક ભાવના અને સહિયારા પ્રયાસથી ૧૯૯૮ ની બેચના વિદ્યાર્થીઓના યોગદાને તેમના આલ્મા મેટર પર તેમના વારસા પર નોંધપાત્ર છાપ છોડી છે. IIT બોમ્બે પ્રત્યેનું તેમનું સમર્પણ તેમની રચના દરમિયાન રચાયેલા કાયમી બંધનને પ્રતિબિંબિત કરે છે. જે તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ છે. સાથે મળીને અમે ભવિષ્યને આકાર આપી રહ્યા છીએ, જ્યાં અમારા વૈવિધ્યસભર અને સિદ્ધ સમુદાયના સામૂહિક પ્રયાસો દ્વારા IIT બોમ્બે વિશ્વની ટોચની યુનિવર્સિટીઓમાંની એક હશે." તેમની બેચ વતી પુનઃમિલન અને ભંડોળ ઊભું કરવાના પ્રયાસોનું નેતૃત્વ કરતા અમિત ખંડેલવાલ, અપૂર્વ સક્સેના, આશુતોષ ગોર અને શરદ ગોએન્કાએ જણાવ્યું હતું કે, "અમે ખૂબ જ વૈવિધ્યસભર બેચ છીએ, જેમાં સ્ટાર્ટઅપ્સથી લઈને કોર્પોરેટથી લઈને વિશ્વના ૧૦૦ શહેરોમાં ફેલાયેલા લોકો છે. સામાજિક ચિંતાઓ અને નોન-પ્રોફિટ, પરંતુ આપણે બધા કેટલીક મહાન યાદો અને ટાઈમલેસ બોન્ડ શેર કરીએ છીએ જે આપણા જીવનના પ્રારંભિક વર્ષો દરમિયાન રચાયા હતા અને વર્ષોથી ઘણી કૌટુંબિક યાત્રાઓ અને જોડાણો દ્વારા ટકી રહ્યા છીએ."

## ક્રિસમસના તહેવાર નિમિત્તે સાયન્સ સિટી ૨૫ ડિસેમ્બરે સોમવારના દિવસે મુલાકાતીઓ માટે ખુલ્લી રહેશે



। અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી મનોરંજન સાથે વિજ્ઞાનલક્ષી શિક્ષણ મેળવવાનું ઉત્તમ સ્થળ છે. વિશ્વની સૌથી શ્રેષ્ઠ અને વિશાળ સાયન્સ સિટીમાં મુલાકાતીઓની સંખ્યા દિવસેની દિવસે વધી રહી છે. ખાસ કરીને રજાના દિવસોમાં અહીં મુલાકાતીઓનો ધસારો વધુ રહેતો હોય છે. સામાન્ય દિવસોમાં સાપ્તાહિક જાળવણી માટે દર સપ્તાહે સોમવારે એક દિવસ માટે મુલાકાતીઓ માટે સાયન્સ સિટી બંધ રાખવામાં આવે છે. જો કે આ વખતે જો કે આ વખતે ક્રિસમસના તહેવારને લઈને ૨૫ ડિસેમ્બરે સોમવારના દિવસે સાયન્સ સિટી ખુલ્લી રાખવામાં આવશે. ક્રિસમસના તહેવારની રજામાં લોકો મુલાકાત લઈ શકે અને મનોરંજન સાથે વિજ્ઞાન શિક્ષણ મેળવી શકે તે માટે ગુજરાત સાયન્સ સિટી સોમવારે પણ ખુલ્લી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## ગુજરાત સાયન્સ સિટી ખાતે મેથેમેટિક્સ ડે નિમિત્તે મેથ્સ કાર્નિવલનું આયોજન કરાયું




। અમદાવાદ, તા.૨૪ ।

દર વર્ષે ૨૨ ડિસેમ્બરે ભારતમાં નેશનલ મેથેમેટિક્સ ડે ની ઉજવણી કરવામાં આવે છે. ખ્યાતનામ ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મ જયંતી નિમિત્તે આ મેથેમેટિક્સ ડે ઉજવવામાં આવે છે. ગણિતના મહત્વ અને ગણિત ક્ષેત્રે શ્રીનિવાસ રામાનુજને આપેલા યોગદાન વિશે જાગૃતિ ફેલાવવા માટે ૨૨ ડિસેમ્બરે નેશનલ મેથેમેટિક્સ ડે ઉજવવાની વર્ષ ૨૦૧૨માં ભારત સરકારે જાહેરાત કરી હતી. ગુજરાત સાયન્સ સિટી ખાતે પણ ૨૨ ડિસેમ્બરે મેથેમેટિક્સ ડે ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત રાજ્ય કક્ષાના મેથ્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના અલગ અલગ ૨૫ જિલ્લાના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા.

મેથ્સ કાર્નિવલ અંતર્ગત વિદ્યાર્થીઓએ જાતે મેથ્સને લગતા વિવિધ મોડેલ્સ તેમજ પઝલ્સ બનાવીને તેનું એક્ઝિબિશન રજૂ કર્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે મેથ્સની ક્વિઝ અને મેથેમેટિશિયન કેરેક્ટર રોલ પ્લે સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ઈનોવેટિવ મેથ્સ ટીચિંગ મેથડ પર ટીચર્સ પ્રેઝન્ટેશન પણ યોજાયું હતું. જેમાં ઘણા શિક્ષકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ભારતના વિખ્યાત ગણિતશાસ્ત્રીઓની સિદ્ધિ દર્શાવતો હોલ ઓફ ફેમ પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જે.બી. વદર, નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ના ચેરમેન ડૉ. અનિતા શર્મા, ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબના ચેરમેન ડૉ. ચંદ્રમૌલિ જોશી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અનિતા શર્માએ શ્રીનિવાસ રામાનુજનના જીવન અને સંઘર્ષ વિશે વિદ્યાર્થીઓને રસપ્રદ માહિતી આપી હતી. ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જે.બી. વદરે મેથ્સ કાર્નિવલમાં સહભાગી થનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

મેથ્સ ક્વિઝ, મેથેમેટિશિયન કેરેક્ટર રોલ પ્લે અને મોડેલ્સ એક્ઝિબિશનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને તેમજ શ્રેષ્ઠ પ્રેઝન્ટેશન આપનારા શિક્ષકોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓ અને લોકોમાં વિજ્ઞાન પ્રત્યે અભિરૂચિ વધે તે માટે ગુજરાત સાયન્સ સિટી ખાતે અવારનવાર વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહે છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે પીએમ સ્વનિધિ યોજનાના લાભાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

### પીએમ સ્વનિધિ યોજના હેઠળ ગુજરાતમાં ૫.૫ લાખથી વધુ લાભાર્થીઓને રૂપિયા ૭૦૦ કરોડનું ધિરાણ અપાયું





પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત આત્મનિર્ભર શેરી ફેરિયાઓના અમદાવાદમાં યોજાયેલા સ્નેહમિલન સમારંભને સંબોધતાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, કોરોનાની મહામારી સમયે દેશના નાના વેપારીઓ, ફેરિયાઓના પડી ભાંગેલા ધંધા-વ્યવસાયોને પુનર્જીવિત કરવાના ધ્યેય સાથે અને નાના શેરી ફેરિયાઓ અને વેપારીઓને આત્મનિર્ભર બનાવવાના લક્ષ્યાંક સાથે પીએમ સ્વનિધિ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત શેરી ફેરિયાઓ અને નાના વેપારીઓને ક્રમશઃ ૧૦, ૨૦ અને ૫૦ હજાર રૂપિયાની કાર્યશીલ મૂડી કોઈ પણ ગેરંટી વિના આપવામાં આવે છે. તેમના ગેરંટર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી બન્યાં છે, એમ તેમણે ઉમેર્યું હતું.

**આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા**

પીએમ સ્વનિધિ યોજના વિશે વધુ વાત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું કે, આ યોજનામાં સૌથી ઓછું ડ્રૅછ જોવા મળ્યું છે. એટલે કે મોટાભાગની લોન પરત કરવામાં આવી રહી છે, જે નાના વેપારીઓ અને શેરી ફેરિયાઓની પ્રામાણિકતાની સાબિતી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં આ યોજના સ્વનિધિથી સ્વરોજગાર અને સ્વરોજગારથી સ્વાવલંબનનો મંત્ર સાર્થક કરે છે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે અમદાવાદ શહેર પીએમ સ્વનિધિ યોજનાના લાભોના વિતરણમાં દેશભરમાં સૌથી પ્રથમ ક્રમે છે. શહેરમાં ૧,૫૫,૧૦૬ શેરી ફેરિયાઓ અને નાના વેપારીઓની અરજી મંજૂર કરવામાં આવી છે. જેમાંથી ૧,૪૮,૫૦૩ લાભાર્થીઓને ૧૮૬.૬૮ કરોડની લોન ચૂકવવામાં આવી છે. સમયસર લોન પરત કરવાથી ૭% વ્યાજની સબસીડી લાભાર્થીને મળે છે. એટલું જ નહિ, ડિજિટલ ટ્રાન્ઝેક્શન થકી વાર્ષિક ૧૨૦૦ રૂપિયા કેશબેક પણ લાભાર્થીઓને મળે છે. આ યોજના અંતર્ગત અરજી કરનાર ૪૫% લાભાર્થીઓ મહિલાઓ છે. દેશમાં ૪૦ લાખથી વધુ ફેરિયાઓ આજે ડિજિટલ પેમેન્ટ સાથે જોડાયા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ગાંધીનગર લોકસભા વિસ્તારમાં યોજનાના લાભોના વિતરણ અંગે કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગાંધીનગર લોકસભા વિસ્તારમાં પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત ૬ લાખ લોકોને ૭૭૨ કરોડ રૂપિયાથી વધુની લોન સહાય આપવામાં આવી છે. ૭૦,૦૦૦થી વધુ લોકોએ ડિજિટલ પેમેન્ટ અપનાવીને રૂપિયા ૨ કરોડથી વધુનો કેશબેક મેળવ્યો છે. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ૫,૮૦,૦૦૦ જેટલા નાગરિકો કોઈને કોઈ યોજના અંતર્ગત લાભ મેળવી ચૂક્યા છે. મોટા ભાગની યોજનાઓમાં ૯૦% સેચ્યુરેશન થયું છે તથા ૭ જેટલી યોજનાઓમાં ૧૦૦% સેચ્યુરેશન ગાંધીનગર લોકસભા વિસ્તારમાં થયું છે, જે ખૂબ મોટી સિદ્ધિ છે. એકલા અમદાવાદમાં ૩.૨૫ કરોડ જેટલી વ્યાજ સબસીડી પૂરી પાડવામાં આવી છે. આ યોજના સહિત જનધન યોજના, પ્રધાનમંત્રી જન જ્યોતિ યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, જનની સુરક્ષા યોજના, વન નેશન - વન રેશન જેવી અનેકવિધ યોજનાઓ છેવાડાના, ગરીબ, મધ્યમવર્ગીય પરિવારોના ગુજરાન સહિત શિક્ષણ, આરોગ્ય અને આહાર જેવી મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવામાં મદદરૂપ સાબિત થઈ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મોદી સરકારના સુશાસનમાં થયેલાં કાર્યો વિશે વાત કરતાં કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં છેલ્લાં ૧૦ વર્ષમાં ૬૦ કરોડ ગરીબોના જીવનધોરણ ઉપર આવ્યાં છે. ૩ કરોડ લોકોને ઘર, ૪ કરોડ લોકોને વીજળી, ૧૦ કરોડ લોકોને ગેસ જોડાણ, ૮૦ કરોડ લોકોને મફત અનાજ, ૧૨ કરોડ ખેડૂતોને પ્રત્યેકને રૂપિયા ૬ હજાર વાર્ષિક સહાય, ૬૦ કરોડ લોકોને ૫ લાખ સુધીની આરોગ્ય સહાય મળી છે. કેન્દ્ર સરકાર દ્વારા ૧૮ જેટલા પરંપરાગત વ્યવસાયકારોને આત્મનિર્ભર બનાવવાના ધ્યેય સાથે પીએમ વિશ્વકર્મા યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં ૨ લાખ સુધીની લોન, ૧૫,૦૦૦ સુધીની ટૂલકિટ સહિત તાલીમ પણ પરંપરાગત વ્યવસાયકારોને પૂરી પાડવામાં આવે છે, એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોરોનાના કપરા સમયગાળામાં આપણે આત્મનિર્ભર વેક્સિન બનાવીને દેશના ૧૪૦ કરોડ નાગરિકોને કોરોના મહામારી સામે રક્ષણ આપવાનું ભગીરથ કાર્ય પાર પાડ્યું હતું. એટલું જ નહિ, અન્ય દેશોમાં પણ આપણે રસી પહોંચાડી હતી. મહામારીના સમયે દેશના ૬૦ કરોડ ગરીબ પરિવારોને મફત અનાજ મળી રહે, તે પણ સરકારે સુનિશ્ચિત કર્યું હતું, એવું તેમણે ઉમેર્યું હતું.

આજના અવસરે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા અને છેવાડાના માનવીને વિકાસની મુખ્યધારામાં જોડવા સરકાર પ્રયાસરત છે. જેમાં પીએમ સ્વનિધિ જેવી યોજનાઓની મહત્ત્વની ભૂમિકા છે. આ યોજનાથી લાભાર્થીઓના જીવનમાં આવેલુ પરિવર્તન તેની સાર્થકતા દર્શાવે છે. પીએમ સ્વનિધિ યોજનાને નાના માણસો માટેની મોટી યોજના ગણાવતા

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ હંમેશાં ગરીબો-વંચિતોની ચિંતા કરી છે. કેન્દ્ર સરકારે કોરોનાના સમયમાં ફ્રી વેકસીન અને ફ્રી રાશન આપી દેશવાસીઓને રોગના દુઃખ અને ભૂખ બંનેમાંથી મુક્તિ આપી હતી. તેમણે કહ્યું કે, કોરોનાને કારણે ઠપ્પ થયેલા ધંધા રોજગારને પુનર્જીવિત કરવા અને ખાસ કરીને નાના વેપારીઓને ફરી બેઠા કરવા માટે પીએમ સ્વનિધિ યોજના લોન્ચ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ૫.૫ લાખથી વધુ લાભાર્થીઓને રૂપિયા ૭૦૦ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪થી જ ગરીબો અને વંચિતોને વિકાસના લાભો અપાવવાનો યજ્ઞ આરંભ્યો છે. છેલ્લાં ૯ વર્ષમાં લાખો ગરીબોને આરોગ્ય અને આવાસની સુવિધાઓ મળવાથી તેમનું જીવનધોરણ બદલાયું છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના ધ્યેયમંત્ર સાથે કાર્યરત સરકાર પર લોકોને વિશ્વાસ છે. જેની પ્રતીતિ તાજેતરમાં વિવિધ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીમાં થઈ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ અને શ્રી અમિતભાઈએ દેશભરમાં સુરાજ્યની પરિપાટી વિકસાવી છે. તેમના માર્ગદર્શનમાં માત્ર કલ્યાણકારી યોજનાઓનું નિર્માણ જ નહીં પરંતુ તેનો લાભ તમામ નાગરિકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કર્યું છે. જેનાથી ગરીબ અને સામાન્ય નાગરિકોને પણ સરકાર પોતીકી હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈની ગુજરાતની પ્રત્યેક મુલાકાત નાગરિકો માટે વિકાસકાર્યોની ભેટ લાવનારી છે. એમ જણાવી ગાંધીનગર સંસદીય ક્ષેત્રને દેશમાં અવ્વલ રાખવાની તેમની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ સ્વનિધિ યોજનાનો લાભ આપવામાં અમદાવાદ શહેર દેશભરમાં મોખરે છે. રાજ્યભરમાં પીએમ સ્વનિધિ યોજનાના ૫.૬૨ લાખ લાભાર્થીઓની અરજી મંજૂર કરવામાં આવી છે. જે પૈકી ૧,૫૫,૧૦૬ લાભાર્થીઓ અમદાવાદ શહેરના છે.

આ લાભાર્થીઓમાંથી એક એવા કમલેશભાઈ બલદાણીયાએ પ્રતિભાવ આપતાં જણાવ્યું કે, પીએમ સ્વનિધિ યોજનાથી મળેલું ધિરાણ ધંધા માટે સંજીવની સાબિત થયું છે. અન્ય એક લાભાર્થી રુચિ ગુપ્તા બ્યુટીપાર્લર ચલાવે છે. તેમણે પીએમ સ્વનિધિ યોજનાનો લાભ મેળવી અન્ય ૨૦ જેટલી મહિલાઓને તાલીમ આપીને પગભર થવામાં પણ મદદ કરી છે. આ પ્રસંગે લાભાર્થીઓએ કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર માન્યો હતો. સ્નેહમિલન સમારોહમાં નાના વેપારીઓના સંતાનોએ દેશભક્તિથી ભરપૂર સાંસ્કૃતિક નૃત્યની પ્રસ્તુતિ કરી હતી.

આજના પ્રસંગે મંત્રીશ્રી ઋષિકેશ પટેલ અને જગદીશ પંચાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અમદાવાદના સાંસદ સર્વ શ્રી કિરીટભાઈ સોલંકી, હસમુખભાઈ પટેલ, અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભા જૈન ધારાસભ્ય સર્વશ્રીઓ હર્ષદ પટેલ, અમિત ઠાકર, કૌશિક જૈન, બાબુસિંહ જાદવ, દિનેશસિંહ કુશવાહ, અમિત શાહ, અમૂલ ભટ્ટ, કંચનબેન રાદડિયા, પાયલ કુકરાણી તથા , ડે.મેયર શ્રી જતીન પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગ દાણી, અમદાવાદ મનપાની વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા અમદાવાદ મનપાના કમિશનર શ્રી એમ.થેન્નારસન અને મોટી સંખ્યામાં લાભાર્થી નાગરિકો જોડાયા હતા.

## મેરી ક્રિસમસઃ ઝી ટીવીના કલાકારો આ વર્ષની તેમની ક્રિસમિસ ઉજવણીનું આયોજન જણાવે છે



રજાઓની સિઝન આવી ગઈ છે અને ક્રિસમસનો ઉમંગ ઉત્સાહ ફેલાઈ રહ્યો છે. દર વર્ષે ૨૫મી ડિસેમ્બરના રોજ ક્રિસમસની ઉજવણી થાય છે. લોકો તેમના સગા-વ્હાલાઓને ભેટ આપે છે, તેમના ઘર સજાવે છે અને ક્રિસમસ ટ્રીને ઘરે લાવીને સજાવે છે. સ્વાદિષ્ટ કૂકીઝ અને કેક બેક કરે છે, સ્વાદિષ્ટ ભોજન બનાવે છે, કેરોલ્સ ગાય છે અને ઘરે ક્રિસમસની જોરશોરથી ઉજવણી કરે છે. આ પ્રસંગની સૌથી સારી યાદોંને ઝી ટીવીના કલાકારો... નીહારિકા રોય, ઉર્ફે પ્યાર કા પહેલા નામ રાધા મોહનની રાધા, અદિતિ શર્મા ઉર્ફે રબ સે હૈં દુઆની દુઆ, કિશોરી શહાને ઉર્ફે કૈસે મુઝે તુમ મિલ ગયેંની બબિતા, શાલિની મહલ ઉર્ફે કુંડલી ભાગ્યની શનાયા, નિક્કી શર્મા ઉર્ફે પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિની શક્તિ, અબરાર કાઝી ઉર્ફે કુમકુમ ભાગ્યનો રાજવંશ, રોહિત સુચાંતિ ઉર્ફે ભાગ્ય લક્ષ્મીનો રિષી, અને અવિનેશ રેખી ઉર્ફે ઈક કુડી પંજાબદીનો રાંઝા આ વર્ષે તેમની ક્રિસમસની ઉજવણી વિશેના તેમના ઉત્સાહ અને આયોજન વિશે જણાવે છે.

નીહારિકા રોય, જે ઝી ટીવીના પ્યાર કા પહેલા નામ રાધા મોહનમાં રાધાનું પાત્ર કરી રહી છે તે કહે છે, "મારા માટે ક્રિસમસએ પ્રેમ છે! આ કેક અને કૂકીઝ તથા મિઠાઈ તથા ગીતોની સિઝન છે! આ તહેવારની સાથે મારી બાળપણની ઘણી સારી યાદોં જોડાયેલી છે, શાળામાં અમે ક્રિસમસ ટ્રી સજાવતા અને ક્રિસમસની સાંજે મારા માતા-પિતા ઓશિકાની નજીક કે પલંગની નીચે ભેટ રાખતા હતા અને દર વખતે, મને એવું લાગતું કે સિક્રેટ સાંતા મારા માટે ભેટ મૂકી જાય છે. હું માનું છું કે, ઉત્સવની ઉજવણી અને ચમકદાર આભૂષણો ઉપરાંત ક્રિસમસએ આપણને કરુણા, સહાનુભૂતિ અને આનંદની વહેંચણી શિખવે છે. આ સમય છે, જ્યારે આપણે જરૂરિયાતમંદોની મદદ કરી અને જિંદગીભરની યાદોં ઉભી કરી શકીએ છીએ. બધાને મેરી ક્રિસમસ!"

**ન્યૂઝ બ્રિફ**

## ગેટ બનાવી રાહદારીઓ માટે રસ્તો બંધ કરાયો

। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી દ્વારા રસ્તો બંધ કરાતા વિવાદ થયો છે. જાહેર રસ્તા પર ગેટ બનાવી રાહદારીઓ માટે રસ્તો બંધ કરવામાં આવ્યો છે. રસ્તા પરની લારીઓ હટાવી રાતોરાત રસ્તો બંધ કરી દેવાતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. BRTS બસ સ્ટેન્ડથી LD આર્ટ્સ કોલેજ તરફ જવાનો રસ્તો બંધ કરવામાં આવ્યો છે. તો લારી ધારકોએ પણ ગુજરાત યુનિવર્સિટીની કામગીરીને વખોડી છે. લારી ગલ્લા યુનિયનના પ્રમુખ ચંદ્રકાંત પરમારે જણાવ્યું કે, આ યુનિવર્સિટી તદ્દન મનામાની કરી રહી છે. પહેલા અમને કહેવામાં આવ્યું હતું કે, કે, અમારો પ્રોગ્રામ પતી જશે તે બાદ તમને અહીં બેસવા આપીશું અને ધંધો કરવા આપીશું. વધુમાં તેમણે કહ્યું કે, અમે ૨૬ તારીખની રાહ જોઈ રહ્યાં છે તે કાર્યક્રમ પત્યા પછી અમે ૨૭ તારીખ તેમને મળીશું અને રજૂઆત કરીશું.

## ફાયરિંગ વિથ ડબલ મર્ડરના ગુનામાં આરોપી છત્તીસગઢના રાયપુરથી ઝડપાયો

। સુરત, તા.૨૪ ।

શહેરના કડોદરા જીઆડીસી પોલીસ મથકમાં વર્ષ ૨૦૦૯માં નોંધાયેલા ફાયરિંગ વિથ ડબલ મર્ડરના ગુનામાં છેલ્લા ૧૪ વર્ષથી ફરાર આરોપીની સુરત એલસીબી ઝોન-૨ની ટીમે છત્તીસગઢના રાયપુર ખાતેથી ઝડપી પાડ્યો છે. આરોપીની ધરપકડ કરવા માટે પોલીસે સ્થાનિક લોકો જેવો પહેરવેશ ધારણ કર્યો હતો. જ્યાં માથે ગમછો અને જેકેટ પહેરી સતત વોચ રાખી આરોપીને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. આરોપી વર્ષ ૨૦૦૯માં ઘટનાને અંજામ આપ્યા બાદ પોલીસ ધરપકડથી બચવા નાસતો ફરતો ફરી રહ્યો હતો. જ્યાં છત્તીસગઢના રાયપુર ખાતે પોલીસ ધરપકડથી બચવા પોશાક બદલી દાણા ચણાનું વેચાણ કરતો હતો. સુરત શહેર પોલીસ ગંભીર પ્રકારના ગુનામાં ફરાર આરોપીઓને ઝડપી પાડવા "ઓપરેશન ફરાર" શરૂ કરવામાં આવ્યું છે.



કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં શહેરી ફેરીયાનું સ્નેહ મિલન યોજાયું હતું.

### વિકાસની કેડી પર આગળ દોડી રહ્યું છે નવસારી!

## નવસારીના બીલીમોરા શહેરને ત્રણ મોટી ભેટ મળી

। નવસારી, તા.૨૪ ।

નવસારીના બીલીમોરા શહેરને આજે ત્રણ મોટી ભેટ મળી છે. શહેરના દક્ષિણ વિસ્તારમાં દેસરા નજીકની રેલ્વે ફાટક નં. ૧૦૭ ઉપર નવનિર્મિત રેલ્વે ઓવર બ્રીજ અને જલારામ મંદિર સામે બીલીમોરા પાલિકાના નવીન પાર્ટી પ્લોટનું ભાજપ પ્રદેશ પ્રમુખ અને નવસારીના સાંસદ સી. આર. પાટીલ તથા નાણા મંત્રી કનું દેસાઈના હસ્તે લોકાર્પણ તેમજ શહેરના ૩૬૪ EWS આવાસનું ભૂમિપૂજન કરવામાં આવ્યુ હતું. નવસારીનું બીલીમોરા શહેર પણ વિકાસની કેડી પર આગળ દોડી રહ્યું છે. જેમાં DFCC પ્રોજેક્ટ અંતર્ગત શહેરના દેસરા નજીકની ફાટક નં. ૧૦૭ ઉપર ૪૦ કરોડ રૂપિયાને ખર્ચે હાલમાં જ બનીને તૈયાર થયેલા રેલ્વે ઓવર બ્રીજને રાજ્યના નાણામંત્રી કનું દેસાઈ અને નવસારીના સાંસદ તથા પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલના હસ્તે લોકાર્પિત કરી લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. દેસરા ઓવર બ્રીજ બનતા જ બીલીમોરાના પશ્ચિમ તરફના ગામડાઓ અને વલસાડ જિલ્લાના પણ કેટલાક ગામડાઓના લોકોને ટ્રાફિક સમસ્યાથી મોટી રાહત મળશે. સાથે જ બીલીમોરાના પૂર્વ વિસ્તાર સાથે નેશનલ હાઈવે તેમજ નવસારી તરફ જવા માટેનો સમય પણ ઘટશે. જેની સાથે જ જલારામ મંદિર સામે દોઢ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત બીલીમોરા પાલિકા સંચાલિત પાર્ટી પ્લોટનું લોકાર્પણ તેમજ શહેરમાં ૩૩.૪૯ કરોડ રૂપિયાના ખર્ચે બનનારા EWS ટાઈપ ૨ પ્રકારના ૩૬૪ આવાસોનું ભૂમિ પૂજન પણ નાણા મંત્રી તેમજ પ્રદેશ ભાજપ પ્રમુખના હસ્તે કરવામાં આવ્યુ હતું.

### રાજ્યના કેટલાક ભાગમાં વરસાદની શક્યતા છે

## ગુજરાતીઓનો પ્રિય તહેવાર ઉત્તરાયણ બગડે તેવી આગાહી

### ૭, ૮ અને ૯ દ. ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા ૧૨થી ૧૪ સુધી કચ્છના ભાગમાં વરસાદ વરસી શકે છે

। અમદાવાદ, તા.૨૪ ।

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના વાતાવરણમાં અનેક પલટા આવ્યા છે. દિવાળીથી લઈને ડિસેમ્બર સુધીના અનેક તહેવારોમાં વરસાદી અસર જોવા મળી હતી. ત્યારે હવે ગુજરાતીઓનો પ્રિય તહેવાર ઉત્તરાયણ પણ બગડે તેવી આગાહી કરવામાં આવી છે. આગાહી મુજબ, ઉત્તરાયણના દિવસે રાજ્યના કેટલાક ભાગમાં વરસાદની શક્યતા છે. વર્ષનો સૌથી પહેલો તહેવાર બગડવાના એંધાણ છે તેવી આગાહી કરાઈ છે. ઉતરાયણના દિવસે રાજ્યના કેટલાક ભાગમાં વરસાદની શક્યતા છે. ૧૪મી જાન્યુઆરીએ વાદળો રહેશે. તો પવન પણ મધ્યમ રહેશે. આ કારણે પતંગરસિકો નિરાશ થશે. તો ૧૫મી જાન્યુઆરીએ પવન સારો રહેશે. ઉત્તરાયણની તમામ તૈયારીઓ ભલે ભરપૂર કરી હોય પણ જો પવન જ ના હોય તો આખી મજા મરી જતી હોય છે. એવામાં ગુજરાતના હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે ૧૩ અને ૧૪ જાન્યુઆરીએ પતંગ ચગાવવા માટે સવાર સાંજ પવન કેવો રહેશે તેની આગાહી કરી નાંખી છે. આ સાથે ૧૪ અને ૧૫ જાન્યુઆરી વાદળછાયુ વાતાવરણ રહેવાનું છે, ૧૫ જાન્યુઆરીની મધ્યરાત્રીએ પવનનુ જોર રહેશે અને ૧૬ અને ૧૭ જાન્યુઆરીના રોજ પવન વધુ રહેશે. ૧૨ અને ૧૩ તારીખે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા વરસાદ પડશે. કચ્છ, સૌરાષ્ટ્રના કેટલાક ભાગમાં ૧૨ અને ૧૩ તારીખે વરસાદની આગાહી છે. વરસાદને કારણે ઉતરાયણના દિવસે વાદળછાયું વાતાવરણ રહેશે. વરસાદ પતંગરસિયાઓની મજા બગાડે તેવી શક્યતા છે. ઉતરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે પવન રહેશે. ઉત્તર-પશ્ચિમી પવન ૧૪ અને ૧૫ જાન્યુઆરીના રોજ હશે. ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ જાન્યુઆરીએ ઉત્તર ભારતના રાજ્યોમાં કરા સાથે વરસાદ પડતા ઠંડી વધશે.

### ૮ ઈજાગ્રસ્તોની હોસ્પિટલમાં ચાલી રહી છે સારવાર

## કતારગામમાં ૯ લોકોને અડફેટે લેનાર BRTS બસ ચાલકની ધરપકડ

। સુરત, તા.૨૪ ।

સુરત કતારગામ BRTS બસ અકસ્માત મામલે કતારગામ પોલીસે BRTS બસ ચાલકની ધરપકડ છે. ચાલક સામે પોલીસે કલમ - ૩૦૪,૩૩૭,૨૭૯ મુજબ ગુનો નોંધ્યો છે.બીઆરટીએસ બસ પાછળથી બીજી બીઆરટીએસ બસમાં ઘૂસી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. ૯ લોકોને ઈજાઓ પહોંચી હતી. એકનું મોત નીપજ્યું હતું. સુરતમાં મહાનગરપાલિકાના સીટી, બીઆરટીએસ બસ ચાલકો બેફામ બન્યા છે. શહેરમાં અનેકો વખત બીઆરટીએસ,સીટી બસની અડફેટે વાહન ચાલકો સહિત રાહદારીનો મોતની ઘટનાઓ સામે આવી હોય છે.ત્યારે ફરી કતારગામ જીઆઈડીસી ખાતે બીઆરટીએસ બસ પાછળથી બીજી બીઆરટીએસ બસમાં ઘૂસી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેના પગલે બંને બસ વચ્ચે ૭ વાહનો ચગદાઈ ગયા હતા. જેમાં એકનું મોત થયું હતું અને ૮ને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત પૈકી ત્રણની હાલત ગંભીર હોવાનું સામે આવ્યું છે.. ગોઝારા આ અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી જવા સાથે ઠેકઠેકાણે ટ્રાફિક જામનાં દૃશ્યો સર્જાયા હતા. આ ઘટનામાં અમરોલી છાપરાભાટા રોડ ખાતે આવેલ પંચશીલ નગરમાં રહેતા ૩૭ વર્ષે ભીખાભાઈનું મોતિ નીપજ્યું છે. ભીખાભાઈ નોકરી પેસેન્જર રિક્ષામાં બેસી ઘરે પરત ફરી રહ્યા હતા.

### બનાસકાંઠાના ૧૯ વર્ષીય યુવરાજે ડ્રો બનાવવાનું શરૂ કર્યું

## ડીસામાં એક વિદ્યાર્થીએ પોતાની પ્રતિભાથી સૌ કોઈને ચોંકાવ્યા

### યુવરાજ નાનો હતો ત્યારથી જ ઊડતી વસ્તુઓમાં રસ હતો : આ પગલે ટેકનિકલ લાઇનમાં અભ્યાસ શરૂ કર્યો

। બનાસકાંઠા, તા.૨૪ ।

બનાસકાંઠાના ડીસામાં એક વિદ્યાર્થીએ પોતાની પ્રતિભાથી સૌ કોઈને ચોંકાવી દીધા છે. માત્ર ૧૯ વર્ષની ઉંમરમાં તેને અલગ અલગ પ્રકારના ડ્રોન બનાવ્યા છે. અને ભવિષ્યમાં પોલીસને મદદરૂપ બનવા અને આજની પેઢીના બાળકોને ડ્રોનની ટેક્નોલૉજી શીખવાડવા માટે એકેડેમી તૈયાર કરવાનું સપનું આ યુવક સેવી રહ્યો છે

નામ યુવરાજ રાજપૂત.. ઉંમર ૧૯ વર્ષ... અભ્યાસ પોલિટેકનિકનો... પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લાનો આ કિશોર અદ્ભુત પ્રતિભાનો ધની છે. યુવરાજે આટલી નાની ઉંમરમાં અલગ અલગ પ્રકારના આધુનિક ડ્રોન બનાવ્યા છે. યુવરાજ નાનો હતો ત્યારથી જ ઊડતી વસ્તુઓમાં તેને રસ હતો. અને આ રસને પગલે યુવરાજે ટેકનિકલ લાઈનમાં અભ્યાસ શરૂ કર્યો. અત્યારે



યુવરાજ પોલિટેકનિક કોલેજમાં અભ્યાસ કરે છે. અને સાથે સાથે તેને અલગ અલગ પ્રકારના ડ્રોન પણ બનાવ્યા છે. યુવરાજ પોલીસને પણ મદદરૂપ થાય તે રીતેના ડ્રોન બનાવી રહ્યા છે. યુવરાજ દ્વારા બનાવવામાં આવેલું ડ્રોન વર્ચ્યુલ રિયાલીટી બેસ હોવાથી પોલીસ કર્મચારીઓ સુરક્ષા માટે તેનો સારો એવો ઉપયોગ કરી શકે છે.

યુવરાજને બાળપણથી ઊડતી વસ્તુઓમાં રસ હતો. અને પોતાના આ શોખને પૂરો કરવા માટે યુવરાજ તો મથી રહ્યો હતો.




## ડિંડોલી વિસ્તારમાં ચાલુ સિટી બસમાં લાગી આગ

। સુરત, તા.૨૪ ।

રાજ્યમાં અનેક વાર આગ લાગવાની ઘટના સામે આવતી હોય છે. ત્યારે સુરતમાં વધુ એક આગ લાગવાની ઘટના બની છે. સુરતના ડિંડોલી વિસ્તારમાં ચાલુ સિટી બસમાં આગ લાગી હોવાનું સામે આવ્યું છે.તો સાઈ પોઈન્ટ વિસ્તારમાં સિટી બસમાં આગની ઘટના બની છે.જો કે ડ્રાઈવરે સમયસર બસ ઉભી રાખતા મોટી જાનહાનિ ટળી છે. તેમજ ઘટનાની જાણ ફાયર વિભાગને કરતા તાત્કાલિક ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. તો ગઈકાલે સુરતના કતારગામ ગજેરા સર્કલ નજીક બેફામ મ્ઈજીએ ભયંકર અકસ્માત સર્જ્યો હતો. પ્રમુખસ્વામી બ્રિજ ઉતરતા બે BRTS બસ વચ્ચે ગંભીર અકસ્માત થયો હતો. ઝડપે આવી રહેલી બન્ને બસની ટક્કરથી ૯ જેટલા લોકો બસની અડફેટે આવ્યા હતા.




## આધાર વિના જ આધાર બનાવી આપતો શખ્સ ઉનાથી ઝડપાયો

। ઉના, તા.૨૪ ।

રાજ્યમાં વધુ એક નકલીનો કિસ્સો સામે આવ્યો છે. ગીર સોમનાથ જિલ્લાના ઉનામાં નકલી આધાર કાર્ડનો વેપલો પકડાયો છે. એક શખ્સ પોતાની દુકાનમાં લોકોને કોઈપણ જાતના આધાર પુરાવા વિના આધાર નકલી આધાર કાર્ડ બનાવી આપતો હોવાની ફરિયાદ નોંધાઈ છે. એલસીબીના દરોડામાં ઉના બસ સ્ટેશન પર આ શખ્સ નકલી આધાર કાર્ડ બનાવતી આપતો રંગેહાથે પકડાયો હતો.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨